# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 435 | Dt. 21-09-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# હિન્દુ દક્ષિણપંથી દેશ માટે ખતરો : અન્સારી

## પૂર્વ ઉપરાષ્ટ્રપતિનું વિવાદાસ્પદ નિવેદન, BJP-VHP નારાજ



નવી દિલ્હી, તા.૨૦

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ હામિદ અંસારીએ જવાહરલાલ નેહરુના કથિત નિવેદનનો હવાલો આપતા રાજકારણ ગરમાયું છે. અંસારીના હિન્દુ જમણેરી કોમવાદને ભારત માટે મોટો ખતરો બતાવવામાં આવ્યો છે. હામિદ અંસારીના નિવેદન પર ભાજપે પલટવાર કર્યો છે. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ હામિદ અંસારીએ શનિવારે બંધારણ નિષ્ણાત, વરિષ્ઠ વકીલ અને લેખક એ.જી. નૂરાનીની યાદમાં આયોજિત એક કાર્યક્રમમાં નિવેદન આપતા રાજકીય હોબાળો મચી ગયો છે. અંસારીએ નૂરાનીના પુસ્તક 'The RSS: A Menace to India' નો ઉલ્લેખ કરતા પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના એ કથિત નિવેદનનો હવાલો આપ્યો, જેમાં તેમણે કહ્યું હતું કે, ભારત માટે અસલી ખતરો કમ્યુનિઝમ નથી, પરંતુ હિન્દુ જમણેરી કોમવાદ છે.

ખરેખર, નવી દિલ્હીના ઇન્ડિયા ઇસ્લામિક કલ્ચરલ સેન્ટરમાં આયોજિત 'Remembering a Polymath: The Life and Times of Abdul Ghafoor Noorani' કાર્યક્રમમાં બોલતા હામિદ અંસારીએ એ.જી. નૂરાનીના વિચારો અને લખાણોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે, નૂરાનીના ૨૦૧૯માં પ્રકાશિત પુસ્તક 'The RSS: A Menace to India' ની પ્રસ્તાવનામાં એવા વિચારો નોંધાયેલા છે, જે તેમના મતે આજે ભારતના ઘણા મુસ્લિમોની લાગણી દર્શાવે છે.

અંસારીએ કહ્યું કે, આ પ્રસ્તાવનામાં નૂરાનીએ પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની એ ટિપ્પણીઓનો ઉલ્લેખ કર્યો હતો, જેને પૂર્વ વિદેશ સચિવ જગત સિંહ ગુંડેવિયાએ વિદેશ મંત્રાલયના અધિકારીઓની એક બેઠકના સંદર્ભમાં નોંધી હતી. અંસારીના જણાવ્યા અનુસાર, નેહરુએ તે બેઠકમાં કહ્યું હતું કે ભારત માટે વાસ્તવિક ખતરો કમ્યુનિઝમ નથી, પરંતુ હિન્દુ જમણેરી કોમવાદ છે.હામિદ અંસારીએ રાષ્ટ્રવાદ, ઓળખ અને ભારતની રાજકીય દિશા સાથે જોડાયેલા મુદ્દાઓ પર પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે તાજેતરના વર્ષોમાં એવા વલણો અને પ્રથાઓ સામે આવ્યા છે, જે નાગરિક રાષ્ટ્રવાદ (Civic Nationalism) ના સ્થાપિત સિદ્ધાંતને પડકારે છે, અને તેની જગ્યાએ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિભાવનાને આગળ વધારે છે.અંસારીએ કહ્યું કે આ વિચારસરણી ચૂંટણીલક્ષી બહુમતીને ધાર્મિક બહુમતી તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરે છે, અને રાજકીય સત્તા પર એકાધિકાર સ્થાપિત કરવા માંગે છે. તેમના મતે, આ પ્રકારની પ્રવૃત્તિઓ નાગરિકો વચ્ચે ધર્મના આધારે ભેદભાવ ઊભો કરે છે, અસહિષ્ણુતાને પ્રોત્સાહન આપે છે અને સમાજમાં અસુરક્ષા તથા બેચેનીનો માહોલ બનાવે છે.પૂર્વ ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, આ વલણોના કેટલાક તાજેતરના ઉદાહરણો ચિંતાજનક છે, અને તે કાયદાના શાસન (Rule of Law) ના દાવાને નબળો પાડે છે. તેમણે કહ્યું કે આવા સવાલોના જવાબ આપવા જોઈએ અને આ વલણોનો કાનૂની તથા રાજકીય બંને સ્તરે સામનો કરવો જોઈએ.

હામિદ અંસારીના આ નિવેદન બાદ ભાજપે પલટવાર કર્યો હતો. ભાજપ અનુસૂચિત જનજાતિ મોરચાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આ નિવેદન કોંગ્રેસની કથિત 'હિન્દુ વિરોધી રાજનીતિ'ને ખુલ્લી પાડે છે. ભાજપે રાહુલ ગાંધીના જૂના નિવેદનોનો પણ ઉલ્લેખ કર્યો અને આરોપ લગાવ્યો કે, આ પ્રકારની ટિપ્પણીઓ કોંગ્રેસની રાજકીય વિચારસરણી અને તેના નેરેટિવનો હિસ્સો રહી છે.

# રશિયા પર યુક્રેનનો ૧ હજાર ડ્રોનથી હુમલો

## અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો, મોસ્કો હચમચાવ્યું



નવી દિલ્હી, તા.૨૦

રશિયામાં ચાલી રહેલી સંસદીય ચૂંટણીના આખરી અને ત્રીજા દિવસે મોસ્કો સ્થિત એક મોટી ઓઇલ રિફાઇનરી પર શક્તિશાળી ડ્રોન હુમલો થયો છે. આ હુમલાને કારણે રિફાઇનરી પરિસરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને દૂર સુધી ધુમાડાના ગોટેગોટા તેમજ વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા. મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને આ હુમલાની પુષ્ટિ કરી છે, જોકે આ ઘટનામાં જાનહાનિને લઈને અલગ-અલગ દાવાઓ સામે આવ્યા છે. રશિયન અધિકારીઓ આ હુમલા પાછળ યુક્રેનનો હાથ હોવાનો સીધો આરોપ લગાવી રહ્યા છે.

બીજી તરફ, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર જેલેન્સ્કીએ આડકતરી રીતે આ કાર્યવાહીની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે મોસ્કો ક્ષેત્રમાં યુક્રેનની લાંબા અંતરની સૈન્ય કાર્યવાહીનું રશિયા પર ઊંડું પરિણામ આવ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે આ કાર્યવાહીમાં રશિયાના એક મહત્વપૂર્ણ તેલ ઉદ્યોગ અને લોજિસ્ટિક્સ સેન્ટરને નિશાન બનાવવામાં આવ્યું છે, જે રશિયન સૈન્ય મશીનને આર્થિક રીતે મદદ કરે છે. આ અભિયાનમાં અદ્યતન ડ્રોન સિસ્ટમ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેન સાથે યુદ્ધ શરૂ થયા બાદ રશિયામાં આ પ્રથમ સંસદીય ચૂંટણી યોજાઈ રહી છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આ ચૂંટણીને યુદ્ધ માટે જનતાના સમર્થનની કસોટી તરીકે રજૂ કરી છે. સત્તાધારી 'યુનાઇટેડ રશિયા' પક્ષનું વર્ચસ્વ જળવાઈ રહેવાની પૂરી સંભાવના છે, પરંતુ આર્થિક દબાણ અને યુદ્ધના થાકને કારણે વિરોધી પક્ષોને પણ કેટલાક મત મળવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. મતદાન દરમિયાન ઓનલાઇન સિસ્ટમ પર સાયબર હુમલાના પ્રયાસો પણ થયા હતા.

ચૂંટણીના માહોલ વચ્ચે થયેલા આ ડ્રોન હુમલાએ વૈશ્વિક સ્તરે તણાવ વધુ તીવ્ર બનાવ્યો છે. રશિયા દ્વારા પશ્ચિમી દેશો સાથેના સંઘર્ષના ભાગરૂપે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હાલમાં સુરક્ષાદળો દ્વારા નુકસાનનું આકલન કરવામાં આવી રહ્યું છે અને આ હુમલાથી રશિયાની રાજનીતિ પર શું અસર પડશે તે આગામી સમય જ જણાવશે.

### દારૂબંધી મુદ્દે સુપ્રીમ કોર્ટની અત્યંત સૂચક ટિપ્પણી!

# સંપૂર્ણ પ્રતિબંધથી ભ્રષ્ટાચાર લઠ્ઠાકાંડની સંભાવના : SC

## મહારાષ્ટ્ર સરકારની અરજી ફગાવતા જસ્ટિસ પારડીવાલાની બેન્ચનું કડક અવલોકન

## ગુજરાતમાં કડક દારૂબંધી હોવા છતાં લઠ્ઠાકાંડમાં ૬૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા



નવી દિલ્હી, તા. ૨૦

દેશની સર્વોચ્ચ અદાલતે દારૂબંધીના કાયદા અને તેના વાસ્તવિક અમલીકરણ મુદ્દે એક અત્યંત મહત્વપૂર્ણ અને આંખ ઉઘાડનારી ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટે શરાબબંધીથી ઉત્પન્ન થતી સંભવિત સામાજિક બદીઓ અને ગેરફાયદાઓ તરફ ઈશારો કરતા સ્પષ્ટપણે જણાવ્યું છે કે દારૂ પર સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવવાથી રાજ્યને માત્ર મહેસૂલી આવકનું જંગી નુકસાન જ નથી થતું, પરંતુ આ પ્રતિબંધને લાગુ કરાવવા પાછળ થતો મસમોટો ખર્ચ, પોલીસ વિભાગમાં વધતો ભ્રષ્ટાચાર, ગેરકાયદેસર રીતે દેશી તેમજ ઝેરી દારૂ બનાવવાની પ્રવૃત્તિઓ તેમજ યુવાધનમાં નશીલી દવાઓ (ડ્રગ્સ) ના રવાડે ચઢવા જેવી અત્યંત ગંભીર સમસ્યાઓ અને જોખમો પેદા થઈ શકે છે.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે આ મામલે સુનાવણી કરતા વધુમાં ઉમેર્યું હતું કે ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ દારૂ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવે છે, ત્યારે દારૂનો આ આખો કારોબાર મોટાભાગે ભૂગર્ભમાં જતો રહે છે અને બુટલેગરો દ્વારા સમાંતર અર્થતંત્ર ઊભું કરવામાં આવે છે. ખંડપીઠે દારૂબંધીની વાસ્તવિકતા સમજાવવા માટે ગુજરાત રાજ્યનું ખાસ ઉદાહરણ ટાંકતા નોંધ્યું હતું કે ગુજરાતમાં દારૂબંધીની અત્યંત કડક નીતિ અમલમાં છે, તેમ છતાં રાજ્યની રચના અને દેશની આઝાદી બાદથી ત્યાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછી ૧૦ જેટલી મોટી ઝેરી દારૂની (લઠ્ઠાકાંડ) ગોઝારી કરુણાંતિકાઓ સર્જાઈ ચૂકી છે, જેમાં અત્યાર સુધીમાં ૬૦૦ થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટમાં મહારાષ્ટ્ર સરકાર તરફથી દાખલ કરવામાં આવેલી એક યાચિકા પર સુનાવણી હાથ ધરવામાં આવી રહી હતી. આ સુનાવણીના અંતે સર્વોચ્ચ અદાલતે મહારાષ્ટ્ર સરકારની આ અરજીને નામંજૂર કરીને ફગાવી દીધી હતી અને ચુકાદા દરમિયાન દેશમાં દારૂબંધીના કાયદાની અમલવારી અને તેના સાઈડ ઈફેક્ટ્સને લઈને આ અત્યંત મહત્વની ટિપ્પણી કરી હતી, જેને પગલે કાયદાકીય અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

# છત્તીસગઢના નક્સલીઓના ગુપ્ત સ્થળોથી મળ્યું આઠ કિલો સોનુ

## ૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટોના બંડલ પણ જપ્ત



નવી દિલ્હી, તા.૨૦

છત્તીસગઢના નક્સલ પ્રભાવિત બસ્તરમાં દરમિયાન સુરક્ષા દળોને નોંધપાત્ર સફળતા મળી છે. પોલીસના જણાવ્યા અનુસાર છેલ્લા બે વર્ષમાં નક્સલીઓના ગુપ્ત સ્થાનો અને જમીનની અંદર બનાવેલા સ્થળોમાંથી આઠ કિલો સોનું મળી આવ્યું છે. જેમાં મોટી માત્રાના સોનાના બિસ્કિટ મળી આવ્યા છે. આ ઉપરાંત એકે-૪૭ જેવા હથિયારો પણ જપ્ત કરાયા છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, નક્સલવાદીઓએ જંગલોમાં તેમના હથિયારોની સાથે આ સોનું પણ જમીનમાં દાટી રાખ્યું હતું.આ જથ્થો બીજાપુરના બાસાગુડા અને કુટ્ટુ તથા દંતેવાડાના બારસુર જેવા દુર્ગમ વિસ્તારોમાં આવેલા નક્સલવાદીઓના અનેક ગુપ્ત સ્થળોએથી મળી આવ્યો હતો. આ સોનું પ્લાસ્ટિકના ડ્રમ અને વાસણોમાં ભરીને જમીનમાં દાટી દેવામાં આવ્યું હતું.

આ અંગે નક્સલ વિરોધી કામગીરીનું નિરીક્ષણ કરતા અધિક પોલીસ મહાનિર્દેશક વિવેકાનંદના જણાવ્યા અનુસાર, નોટબંધી બાદ નક્સલીઓએ તેમની પાસેની રોકડ રકમને મોટા પાયે સોનામાં ફેરવવાનું શરૂ કર્યું હતું. તેઓ માનતા હતા કે જો ભવિષ્યમાં ફરી ક્યારેક આવો જ આર્થિક આંચકો આવે તો રોકડની સરખામણીએ સોનું વધુ સુરક્ષિત સંપત્તિ સાબિત થશે.આ વ્યૂહરચનાના ભાગરૂપે તેમણે કથિત રીતે સોનાના બિસ્કિટ ખરીદવાનું અને તેને જંગલોમાં આવેલા ગુપ્ત સ્થળોએ છુપાવવાનું શરૂ કર્યું હતું.

આ ઓપરેશન દરમિયાન રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૧,૦૦૦ની જૂની નોટોના બંડલ પણ જપ્ત કર્યા હતા. એનો મતલબ એ છે કે નક્સલવાદીઓ નોટબંધી દરમિયાન નિર્ધારિત સમયમર્યાદામાં તેમની પાસે રહેલી તમામ રોકડ રકમ બદલાવી શક્યા ન હતા. જંગલોમાં બનાવેલા વિવિધ ગુપ્ત સ્થળોએ હથિયારો અને અન્ય સામગ્રીની સાથે સોનું પણ છુપાવીને રાખવામાં આવ્યું હતું. આ સ્થળો એવી રીતે બનાવવામાં આવ્યા હતા કે બહારથી તે સરળતાથી શોધી ન શકાય. હાલ, પોલીસ, 'સ્પેશિયલ ઝોનલ કમિટી'ના શરણાગતિ સ્વીકારી ચૂકેલા નક્સલ કમાન્ડરો અને કેડરોની મદદથી આવા જૂના અડ્ડાઓ વિશે માહિતી એકત્ર કરી રહી છે. પાપા રાવ જેવા શરણાગતિ સ્વીકારેલા કેડરો પાસેથી મળેલી માહિતી સુરક્ષા દળો માટે વિશેષ મહત્વની માનવામાં આવે છે. સુરક્ષા એજન્સીઓ મળી આવેલા સોનાના સ્રોત, તેની ખરીદીમાં સામેલ નેટવર્ક અને નક્સલ સંગઠનના નાણાકીય માળખાને લગતા પાસાઓની પણ તપાસ કરી રહી છે.

### ચૂંટણી પંચના 'રડાર'માં દેશના VIPs

# મતદાર યાદીમાં છબરડાં મામલે દિગ્ગજોને નોટીસ

## લિસ્ટમાં અડવાણી, જયશંકર, ચૂંટણી કમિશનર સહિત અનેક દિગ્ગજ નેતાઓ અને ઉચ્ચ અધિકારીઓના નામ સામેલ હોવાથી ખળભળાટ



નવી દિલ્હી, તા. ૨૦

દેશભરમાં મતદાર યાદીને સચોટ, પારદર્શક અને ક્ષતિરહિત બનાવવા માટે ચૂંટણી પંચ દ્વારા ચલાવવામાં આવી રહેલી 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (SIR) ઝુંબેશમાં મોટા અને ચોંકાવનારા ખુલાસા થયા છે. આ ઝુંબેશ અંતર્ગત સામાન્ય નાગરિકો જ નહીં, પરંતુ દેશના ટોચના રાજનેતાઓ, કેન્દ્રીય મંત્રીઓ, કાયદાવિદો અને ખુદ ચૂંટણી પંચના કમિશનર સહિતના અગ્રણી VIPs ના મતદાર રેકોર્ડમાં પણ ખામીઓ સામે આવી છે. પરિણામે, ચૂંટણી પંચે લાલકૃષ્ણ અડવાણી, એસ. જયશંકર, અરવિંદ કેજરીવાલ અને કપિલ સિબ્બલ સહિતના અનેક દિગ્ગજ હસ્તીઓને SIR નોટિસ ફટકારી છે.

મતદાર યાદીમાં સ્પેલિંગની ભૂલો, જૂના રેકોર્ડ સાથે વિસંગતતા અને ડેટા મિસમેચ થવાના કારણે આ નોટિસ આપવામાં આવી છે. સામાન્ય નાગરિકોની જેમ જ દેશના જાણીતા અને પ્રતિષ્ઠિત લોકોના રેકોર્ડની પણ ઝીણવટભરી ચકાસણી થતાં આ સમગ્ર પ્રક્રિયા દેશભરમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

SIR નોટિસ મેળવનાર વ્યક્તિઓ અને તેમને નોટિસ પાઠવવા પાછળના કારણો પર નજર કરીએ તો, પૂર્વ નાયબ વડાપ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીના રેકોર્ડમાં જૂના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન ડેટા સાથે અનમેપિંગ તેમજ ચૂંટણી દસ્તાવેજોમાં રહેલી તાર્કિક વિસંગતતાના કારણે નોટિસ જારી થઈ છે. આ સાથે જ તેમના પુત્રી પ્રતિભા અડવાણીના કિસ્સામાં પણ જૂના રેકોર્ડ સાથે વિગતો ન મળવી અથવા તાર્કિક વિસંગતતા હોવાના લીધે નોટિસ આપવામાં આવી છે. દેશના વિદેશ મંત્રી એસ. જયશંકરને મતદાર યાદીની ચકાસણી દરમિયાન ચૂંટણી રેકોર્ડ અને ઉપલબ્ધ દસ્તાવેજોની માહિતીની અધિકૃત ખરાઈ કરવાના હેતુથી નોટિસ જારી કરવામાં આવી છે, જ્યારે તેમના પત્ની કે. એસ. જયશંકરના કિસ્સામાં પણ ચૂંટણી રેકોર્ડ અને દસ્તાવેજોની વિગતોની અધિકૃત ખરાઈ કરવા માટે નોટિસ અપાઈ છે.

આ ઉપરાંત, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના મતદાર યાદીના જૂના SIR રેકોર્ડ સાથે વિગતો અનમેપ હોવી અથવા રેકોર્ડમાં તાર્કિક વિસંગતતા જણાતા ચકાસણી અર્થે નોટિસ પાઠવવામાં આવી છે. એટલું જ નહીં, કેજરીવાલના પરિવારના સભ્યોના મતદાર રેકોર્ડમાં પણ જૂના ડેટાબેઝ સાથે વિગતો મેળ ન ખાતા અને તાર્કિક વિસંગતતા સામે આવતા પુરાવા રજૂ કરવા નોટિસ જારી કરવામાં આવી છે. રાજ્યસભા સાંસદ અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલને અગાઉના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝનના રેકોર્ડ સાથે વર્તમાન ડેટા સીધો મેપ ન થઈ શકવાને કારણે સ્પષ્ટતા માટે નોટિસ મોકલવામાં આવી છે. તેવી જ રીતે વરિષ્ઠ કોંગ્રેસ નેતા અભિષેક મનુ સિંઘવીને ચૂંટણી યાદીના જૂના ડેટા સાથે રેકોર્ડ ન મળવો અથવા ડેટાબેઝમાં રહેલી તાર્કિક વિસંગતતા અને સ્પષ્ટતા માટે નોટિસ અપાઈ છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ખુદ ચૂંટણી કમિશનર એસ. એસ. સંધૂને ચૂંટણી પંચના રેકોર્ડમાં નોંધાયેલા નામ અને અન્ય ઉપલબ્ધ સત્તાવાર દસ્તાવેજો વચ્ચે સ્પેલિંગમાં તફાવત હોવાને કારણે નોટિસ પાઠવવામાં આવી છે. સાથે જ વિદેશ સચિવ વિક્રમ મિસરીના અગાઉના SIR રેકોર્ડ સાથે હાલની માહિતીનું મેચિંગ ન થવાને લીધે દસ્તાવેજી ચકાસણી માટે નોટિસ પાઠવવામાં આવી છે.


॥ શ્રી ગણેશાય નમઃ ॥

જ્યાં સદગુણો હોય ત્યાં ક્યારેય વિદાય નથી,
તે માત્ર રૂપ બદલે છે, સ્મૃતિ બની રહે છે...



શ્રદ્ધાંજલિ

દશા સોરઠિયા વણિક મરણ

જયોતિબેન

તે રમેશભાઈ ચુનીલાલ વસાણી ના ધર્મપત્ની, તે જતીનભાઈ ના માતૃશ્રી
તે ભરતભાઈ હીરાચંદ વૈધ, હિતેન ભાઈ (હાલ લંડન), સ્વ. વાસંતીબેન,
સુધાબેન, નયનાબેન, કાશ્મીરાબેન ના બેન, તે સુરેશભાઈ, સ્વ. મંજુલાબેન,
ધીરેનભાઈ, સ્વ. રજનીભાઈ, વનિતાબેન ના ભાઈ ના ધર્મપત્ની
તે તારીખ ૧૭.૯.૨૬ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

લૌકિક પ્રથા બંધ રાખેલો

રમેશભાઈ વસાણી 98337 97121

જતીન વસાણી 88509 35366

# ભારતની પહેલી ડેન્ગ્યુ રસી ૨૦૨૭ સુધીમાં

## મચ્છરો દ્વારા ફેલાતો આ વાયરલ રોગ દર વર્ષે દેશના મોટા ભાગમાં લોકોને અસર કરે છે




રાજકોટ, તા. ૨૦

ભારત પાસે ડેન્ગ્યુને રોકવા માટે ટૂંક સમયમાં બીજો વિકલ્પ હોઈ શકે છે. આ મચ્છરજન્ય વાયરલ રોગ દર વર્ષે દેશના મોટા ભાગોને અસર કરે છે. ચોમાસાની ઋતુ દરમિયાન અને પછી ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર વધારો થાય છે. દરમિયાન, ટેકડા ફાર્માસ્યુટિકલની ડેન્ગ્યુ રસી, ક્યુડેન્ગા, ભારતમાં લોન્ચ થવાની તૈયારીમાં છે. ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝે ભારતમાં આ રસીને પ્રોત્સાહન આપવા અને વિતરણ કરવા માટે જાપાની ફાર્માસ્યુટિકલ કંપની ટેકડા ફાર્માસ્યુટિકલ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જરૂરી નિયમો અને બજાર અધિકૃતતા પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, રસી ૨૦૨૭ ના પહેલા ભાગમાં ભારતીય બજારમાં ઉપલબ્ધ થઈ શકે છે.

ડેન્ગ્યુ લાંબા સમયથી ભારતમાં એક મોટો આરોગ્ય પડકાર રહ્યો છે. આ રોગ મુખ્યત્વે એડીસ મચ્છરના કરડવાથી ફેલાય છે. આ મચ્છરો સ્થિર પાણીમાં ખીલે છે. ચોમાસાની ઋતુ દરમિયાન, પાણી ભરાવાથી તેમના માટે અનુકૂળ પ્રજનન વાતાવરણ બને છે. આનાથી ઘણા વિસ્તારોમાં ડેન્ગ્યુનો પ્રકોપ વધે છે અને હોસ્પિટલો અને આરોગ્યસંભાળ સેવાઓ પર તાણ આવે છે. આવી સ્થિતિમાં, રસીકરણની સાથે રોગ નિવારણ માટે મચ્છરોના ફેલાવાને અટકાવવો જરૂરી છે.

ક્યુડેન્ગા એ ટેકડા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા વિકસિત ડેન્ગ્યુ રસી છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, આ રસી ડેન્ગ્યુ વાયરસના ચારેય સીરોટાઇપ સામે રક્ષણ આપવા માટે બનાવવામાં આવી છે. તેનો ઉપયોગ ૪ થી ૬૦ વર્ષની વયના બાળકો અને પુખ્ત વયના લોકો માટે થઈ શકે છે. ક્યુડેંગાના કુલ બે ડોઝ આપવામાં આવે છે. દરેક ડોઝ ૦.૫ મિલી છે. બીજો ડોઝ પ્રથમ ડોઝના ત્રણ મહિના પછી આપવામાં આવે છે. આ રસીની એક ખાસ વિશેષતા એ છે કે તેને લેતા પહેલા અગાઉના ડેન્ગ્યુ ચેપ માટે પરીક્ષણની જરૂર નથી. આનો અર્થ એ છે કે રસી કોઈ વ્યક્તિને પહેલા ડેન્ગ્યુ થયો છે કે નહીં તે જાણ્યા વિના આપી શકાય છે, અને રસીકરણ પહેલાં પરીક્ષણ જરૂરી નથી.

ક્યુડેંગા ૨૦૨૭ ના પહેલા ભાગમાં ભારતમાં ઉપલબ્ધ થવાની અપેક્ષા છે. જો કે, બજારમાં તેની ઉપલબ્ધતા જરૂરી નિયમનકારી પ્રક્રિયાઓ અને બજાર અધિકૃતતા પર આધારિત રહેશે. ઉપલબ્ધ માહિતી અનુસાર, ભારતના દવા નિયમનકારે જુલાઈ ૨૦૨૬ માં ક્યુડેંગાને મંજૂરી આપી હતી. ત્યારબાદ, ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ અને તાકેડા વચ્ચેના કરારથી ભારતમાં રસીના પ્રમોશન અને વિતરણનો માર્ગ મોકળો થયો.

### ક્યુડેંગા કેટલું અસરકારક છે?

ક્લિનિકલ ટ્રાયલ્સમાં, ક્યુડેંગાએ ડેન્ગ્યુ ચેપ અટકાવવામાં અસરકારકતા દર્શાવી છે. ઉપલબ્ધ ટ્રાયલ ડેટા અનુસાર, બીજા ડોઝના એક વર્ષ પછી પુષ્ટિ થયેલા ડેન્ગ્યુ કેસ સામે ક્યુડેંગાની અસરકારકતા ૮૦.૨ ટકા હતી. આ ડેટા મોડા તબક્કાના ક્લિનિકલ ટ્રાયલમાંથી મેળવવામાં આવ્યો હતો. વધુમાં, ડેન્ગ્યુ સંબંધિત હોસ્પિટલમાં દાખલ થવા સામે રસીની અસરકારકતા બીજા ડોઝના ૧૮ મહિના પછી ૯૦.૪ ટકા હતી. આ અભ્યાસનો ગૌણ અંતિમ બિંદુ હતો. આ ડેટાને તે ક્લિનિકલ ટ્રાયલના સહભાગીઓમાં રસીના પ્રદર્શનના માપ તરીકે ગણવો જોઈએ.

### ભારતમાં ડેન્ગ્યુ રસીની જરૂર કેમ છે?

ભારત સહિત વિશ્વના ઘણા ઉષ્ણકટિબંધીય અને ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં ડેન્ગ્યુ એક સતત આરોગ્ય ચિંતાનો વિષય રહે છે. ભારતમાં, ચોમાસાની ઋતુ દરમિયાન અને પછી કેસ ઘણીવાર વધે છે. વરસાદી પાણીનો સંચય એડીસ મચ્છરો માટે પ્રજનન સ્થળ પૂરું પાડે છે, જે ચેપનું જોખમ વધારે છે. નેશનલ સેન્ટર ફોર વેક્ટર–બોર્ન ડિસીઝ કંટ્રોલના કામચલાઉ ડેટા અનુસાર, ૨૦૨૫ માં ભારતમાં ૧૧૩,૪૫૦ ડેન્ગ્યુ કેસ અને ૯૫ મૃત્યુ નોંધાયા હતા. આ આંકડા દર્શાવે છે કે દેશમાં ડેન્ગ્યુ એક મહત્વપૂર્ણ ખતરો છે.

# બાળકોમાં વધી ફેટી લીવરની સમસ્યા

## ફેટી લીવર સામાન્ય રીતે પુખ્ત વયના લોકોની સમસ્યા માનવામાં આવતી હતી, પરંતુ હવે નાના બાળકોમાં પણ તેના કિસ્સાઓ જોવા મળ્યા

રાજકોટ, તા. ૨૦

બાળકોમાં ફેટી લીવરની સમસ્યા વધુને વધુ જોવા મળી રહી છે, અને તેનું સૌથી મોટું કારણ બદલાતી જીવનશૈલી છે. પહેલા ફેટી લીવર સામાન્ય રીતે પુખ્ત વયના લોકોની સમસ્યા માનવામાં આવતી હતી, પરંતુ હવે નાના બાળકોમાં પણ તેના કિસ્સાઓ જોવા મળી રહ્યા છે. પરંતુ શું તમે જાણો છો કે બાળકોમાં ફેટી લીવરની સમસ્યા કેમ વધી રહી છે? બાળકોમાં ફેટી લીવરનું મુખ્ય કારણ વધારે વજન અને સ્થૂળતા છે. જ્યારે બાળકના આહારમાં સતત ઉચ્ચ કેલરી, ખાંડ અને શુદ્ધ કાર્બોહાઈડ્રેટ્સનો સમાવેશ થાય છે, અને શારીરિક પ્રવૃત્તિનો અભાવ હોય છે, ત્યારે શરીરમાં વધારાની ચરબી એકઠી થાય છે. આ લીવરને પણ અસર કરે છે, જેના કારણે લીવરના કોષોમાં વધારાની ચરબીનો સંચય થાય છે. જંક ફૂડ, પેકેજ્ડ નાસ્તા, મીઠા પીણાં, ઠંડા પીણાં, વધુ ખાંડવાળા ખોરાક અને વારંવાર બહાર ખાવાથી આ સમસ્યાનું જોખમ વધી શકે છે. વધુમાં, મોબાઇલ ફોન, ટીવી અને વિડીયો ગેમ્સને કારણે સ્ક્રીન સમય વધવો અને રમતો અથવા બહારની પ્રવૃત્તિઓમાં ઘટાડો પણ મહત્વપૂર્ણ પરિબળો છે. કેટલાક બાળકોમાં આ સમસ્યા આનુવંશિક પરિબળોને કારણે પણ થાય છે.



શરૂઆતમાં ફેટી લીવરમાં ઘણીવાર કોઈ સ્પષ્ટ લક્ષણો હોતા નથી. કેટલાક બાળકો થાક, ઉપરના જમણા પેટમાં હળવી અસ્વસ્થતા અથવા વજનમાં વધારો અનુભવી શકે છે. જો કે, ફક્ત લક્ષણોના આધારે તેનું નિદાન કરવું મુશ્કેલ છે. એ સમજવું અગત્યનું છે કે દરેક વજનવાળા બાળકને ફેટી લીવર હોતું નથી, અને ફેટી લીવર ધરાવતું દરેક બાળક મેદસ્વી હોતું નથી. જોકે, વધુ વજનવાળા, પેટની વધુ ચરબી અને ખરાબ ખાવાની આદતો ધરાવતા બાળકો વધુ જોખમમાં હોય છે. ફેટી લીવરને રોકવાનો સૌથી અસરકારક રસ્તો એ છે કે બાળકોને ઘરે રાંધેલું ભોજન આપવું અને મીઠાઈઓ અને પેકેજ્ડ ખોરાક ટાળવો. દૈનિક શારીરિક પ્રવૃત્તિની ખાતરી કરો અને સ્ક્રીન સમય ઓછો કરો. જો કોઈ બાળકનું વજન ઝડપથી વધી રહ્યું હોય અથવા ડોક્ટરને ફેટી લીવરની શંકા હોય, તો સમયસર નિદાન અને સારવાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. સદનસીબે, શરૂઆતમાં યોગ્ય જીવનશૈલીમાં ફેરફાર કરવાથી લીવરમાં વધારાની ચરબી નોંધપાત્ર રીતે ઓછી થઈ શકે છે. ફેટી લીવર આજકાલ ખૂબ જ સામાન્ય બની ગયું છે. માત્ર યુવાનો જ નહીં પણ બાળકો પણ નાની ઉંમરે આ સમસ્યાથી પીડાઈ રહ્યા છે.

### સારી ઊંઘ લેવી સ્વાસ્થ્ય માટે જરૂરી

# ૬-૮ કલાકથી ઓછી ઊંઘ સ્વાસ્થ્ય માટે હાનિકારક

## ઊંઘનો અભાવ ફક્ત સવારે થાક અથવા નબળાઈ અનુભવવાનું કારણ નથી, પરંતુ તે મગજના કાર્યને પણ અસર કરી શકે

રાજકોટ, તા. ૨૦

સારી ઊંઘ લેવી સ્વાસ્થ્ય માટે જરૂરી છે. જો તમે લાંબા સમય સુધી ઓછી ઊંઘ લેતા હોવ, તો તે ફક્ત તમારા મનને જ નહીં પરંતુ તમારા શરીરને પણ અસર કરે છે. ઊંઘનો અભાવ ફક્ત સવારે થાક અથવા નબળાઈ અનુભવવાનું કારણ નથી, પરંતુ તે મગજના કાર્યને પણ અસર કરી શકે છે. આ શરીરના હોર્મોનલ સંતુલનને વિક્ષેપિત કરી શકે છે અને દિવસની આદતોને બદલી શકે છે. ઊંઘનો અભાવ વારંવાર ખાવાની ઇચ્છા, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી, તણાવમાં વધારો અને ઓછી ઉર્જાની લાગણી તરફ દોરી શકે છે. ધીમે ધીમે, શરીર તમે જેટલી ઊંઘ આપી રહ્યા છો તેનાથી ટેવાઈ જાય છે, ભલે તે પૂરતી ન હોય. તેથી, આગલી વખતે જ્યારે તમે મોડા સુધી જાગતા રહો અને તેને ફક્ત એટલું જ સમજો, ત્યારે યાદ રાખો કે ઊંઘનો અભાવ તમારા મન અને શરીર પર અસર કરી શકે છે.



લાંબા સમય સુધી છ કલાકથી ઓછી ઊંઘ લેવાથી મગજ પર નકારાત્મક અસર પડી શકે છે. આ સ્થિતિ ધરાવતા લોકો ધ્યાન કેન્દ્રિત કરવા, ધ્યાન કેન્દ્રિત કરવા અને સતર્ક રહેવામાં સંઘર્ષ કરી શકે છે. આ યાદશક્તિ પર અસર કરે છે. માહિતીને પ્રક્રિયા કરવા અને એકીકૃત કરવા માટે મગજને ઊંઘની જરૂર છે. જો કે, ઊંઘનો અભાવ પ્રતિક્રિયા સમયને ધીમો પાડે છે, જે દૈનિક કાર્યો અને નિર્ણય લેવાની ક્ષમતાને અસર કરે છે. મૂડ સ્વિંગ, ચીડિયાપણું અને ભાવનાત્મક સંવેદનશીલતામાં વધારો થઈ શકે છે, જે મગજની પુનઃપ્રાપ્તિ પ્રક્રિયાને અસર કરે છે. ઊંઘ એ શરીર અને મન માટે સ્વસ્થ થવા અને પોતાને જાળવવા માટે સક્રિય સમય છે.

ઓછી ઊંઘ તમારા હોર્મોન્સને અસર કરી શકે છે. આ કોર્ટિસોલ, તમારા તણાવ સ્તરને વધારી શકે છે, જે ભૂખમાં વધારો તરફ દોરી શકે છે. ઊંઘનો અભાવ ભૂખમાં વધારો કરી શકે છે અને ખાધા પછી પણ તમને ઓછું પેટ ભરેલું લાગે છે. આવા વ્યક્તિઓમાં, શરીર બ્લડ સુગરને યોગ્ય રીતે મેનેજ કરી શકશે નહીં. વિલંબિત પુનઃપ્રાપ્તિ સમય સ્નાયુઓ અને અન્ય પેશીઓને સમારકામ માટે ઓછો સમય આપે છે. લાંબા સમય સુધી ઊંઘનો અભાવ આદતોમાં ફેરફાર તરફ દોરી શકે છે. જે લોકો ઓછી ઊંઘ લે છે તેમને વધુ તૃષ્ણાઓ હોય છે, ખાસ કરીને જેઓ તાત્કાલિક ઊર્જા અને ઉચ્ચ કેલરીવાળા ખોરાકની ઝંખના કરે છે. આ લોકો વધુ પડતી કેફીન લેવાની આદત વિકસાવે છે, જેનો ઉપયોગ તેઓ તણાવ અથવા થાકનો સામનો કરવા માટે કરે છે. જ્યારે ઊર્જાનું સ્તર ઓછું હોય છે, ત્યારે કસરત મુશ્કેલ બની જાય છે. નાના કાર્યો પણ ભયાવહ લાગે છે. પરિણામે, નબળી ઊંઘ થાક, તૃષ્ણા, સુસ્તી અને વધુ નબળી ઊંઘના ચક્ર તરફ દોરી શકે છે.

### આરોગ્ય મંત્રાલય આવ્યું હરકતમાં

# મંજૂરી વગર સ્ટેમ સેલ થેરાપી સામે કાર્યવાહી

## મંત્રાલયના જણાવ્યા અનુસાર, આવા કિસ્સાઓમાં, તબીબી પ્રેક્ટિશનરો પર ભારતીય તબીબી પરિષદના વ્યાવસાયિક નીતિશાસ્ત્રના નિયમો હેઠળ કાર્યવાહી થઈ શકે

રાજકોટ, તા.૨૦

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યોને એવા ડોકટરો અને ક્લિનિકલ સંસ્થાઓ સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે જે સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ એવા રોગો અથવા આરોગ્ય પરિસ્થિતિઓની સારવાર માટે કરી રહ્યા છે જેના માટે સારવારની અસરકારકતા હજુ સુધી સાબિત થઈ નથી. મંત્રાલયે તેની સલાહકારમાં સ્પષ્ટતા કરી છે કે મંજૂરી વિના અથવા સ્થાપિત નિયમોની બહાર સ્ટેમ સેલ થેરાપી પૂરી પાડનારાઓ કાર્યવાહીનો સામનો કરી શકે છે. સલાહકારમાં આ વર્ષની શરૂઆતમાં જારી કરાયેલા સુપ્રીમ કોર્ટના ચુકાદાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આવા કિસ્સાઓમાં, તબીબી પ્રેક્ટિશનરો પર ભારતીય તબીબી પરિષદના વ્યાવસાયિક નીતિશાસ્ત્રના નિયમો હેઠળ કાર્યવાહી થઈ શકે છે. વધુમાં, સ્ટેમ સેલ થેરાપી પૂરી પાડતી ક્લિનિકલ સંસ્થાઓ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ (નોંધણી અને નિયમન) અધિનિયમ હેઠળ કાર્યવાહીને પાત્ર છે.

આ નિયમોનું ઉલ્લંઘન ડોકટરો માટે શિસ્તભંગની કાર્યવાહીમાં પરિણમી શકે છે. સંકળાયેલી ક્લિનિકલ સંસ્થાઓને દંડનો સામનો કરવો પડી શકે છે, અને ગંભીર કિસ્સાઓમાં, તેમના લાઇસન્સ પણ રદ કરી શકાય છે. આનો અર્થ એ છે કે આરોગ્ય મંત્રાલયે રાજ્યોને વૈજ્ઞાનિક પુરાવા અથવા જરૂરી મંજૂરી વિના સ્ટેમ સેલ થેરાપી આપતી સંસ્થાઓ સામે કડક વલણ અપનાવવા જણાવ્યું છે. જો કે, ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ એક્ટ હેઠળ ક્લિનિકલ સંસ્થાઓ સામે કાર્યવાહીનો અવકાશ સમગ્ર દેશમાં એકસમાન નથી. આ કાયદો હાલમાં બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, સિક્કિમ અને તેલંગાણા સહિત ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અપનાવવામાં આવ્યો છે. આ કાયદો હજુ સુધી રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં લાગુ કરવામાં આવ્યો નથી, અને તેથી, દિલ્હીમાં આ ચોક્કસ કાયદા હેઠળ કાર્યવાહી કરી શકાતી નથી. જો કે, ભારતીય તબીબી પરિષદના વ્યાવસાયિક નીતિશાસ્ત્રના નિયમો દેશભરમાં લાગુ પડે છે, અને તબીબી પ્રેક્ટિશનરો પર તેમના હેઠળ કાર્યવાહી કરી શકાય છે.

એક નિવેદનમાં, આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે સંબંધિત રાજ્ય અને જિલ્લા-સ્તરના નિયમનકારી અધિકારીઓ અને ક્લિનિકલ સંસ્થાઓને સ્ટેમ સેલ સંશોધન અને ઉપચારને સંચાલિત કરતા નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. મંત્રાલય ભાર મૂકે છે કે સ્ટેમ સેલ સારવાર સ્થાપિત વૈજ્ઞાનિક અને નિયમનકારી માળખાનું પાલન કરે છે. મંત્રાલય અનુસાર, સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ દરેક રોગની સારવાર માટે થઈ શકતો નથી. તેનો ઉપયોગ ફક્ત આરોગ્ય મંત્રાલય દ્વારા સૂચિબદ્ધ રોગો અને આરોગ્ય સ્થિતિઓ માટે જ થઈ શકે છે. આ સૂચિમાં કેટલાક ગંભીર કેન્સર અને સ્વયંપ્રતિરક્ષા રોગોનો સમાવેશ થાય છે. આમાં એક્યુટ માયલોઇડ લ્યુકેમિયા, બી-સેલ લિમ્ફોમા અને મલ્ટીપલ માયલોમા જેવા કેન્સરનો સમાવેશ થાય છે. મલ્ટીપલ સ્ક્લેરોસિસ અને એપ્લાસ્ટિક એનિમિયા જેવી સ્વયંપ્રતિરક્ષા સ્થિતિઓ પણ એવા રોગોમાં શામેલ છે જેના માટે સ્ટેમ સેલ થેરાપીને મંજૂરી આપવામાં આવી છે.

મંત્રાલયની યાદી મુજબ, સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ પુખ્ત વયના લોકોમાં ૧૮ અને બાળકોમાં ૧૪ રોગો અથવા સ્થિતિઓ માટે થઈ શકે છે. આનો અર્થ એ છે કે આ થેરાપીનો ઉપયોગ અન્ય કોઈપણ રોગની સારવાર માટે થઈ શકતો નથી. સંબંધિત નિયમનકારી પ્રક્રિયા અને જરૂરી મંજૂરીઓનું પાલન કરવું આવશ્યક છે.



### ઓટીઝમની સારવાર માટે મંજૂર નથી

સ્ટેમ સેલ થેરાપી અંગે સુપ્રીમ કોર્ટમાં સાંભળવામાં આવેલા કેસમાં ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડરનો મુદ્દો પણ સામેલ હતો. આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર ૧૮ સ્થિતિઓની યાદીમાં શામેલ નથી જેના માટે સ્ટેમ સેલ થેરાપીની મંજૂરી છે. મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે ઓટીઝમ માટે સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ ફક્ત ક્લિનિકલ ટ્રાયલના ભાગ રૂપે, નિર્ધારિત પ્રક્રિયાને અનુસરીને અને સંબંધિત મંજૂરીઓ મેળવવા માટે થઈ શકે છે. આનો અર્થ એ છે કે દર્દી માટે માનક સારવારના ભાગ રૂપે ઓટીઝમ માટે સ્ટેમ સેલ થેરાપીની મંજૂરી નથી.

### ટેન્ડર મંજૂરી માટે સમયમર્યાદા નક્કી કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મોટો નિર્ણય

# માર્ગ-મકાન વિભાગના કામોને મળશે સુપર સ્પીડ

## ટેન્ડર વેલિડિટી ઘટીને ૯૦ દિવસ, બિનજરૂરી વાટાઘાટો પર રોક : વિલંબ કરનાર અધિકારીઓની જવાબદારી નક્કી થશે, ઈઝ ઓફ લિવિંગમાં થશે વધારો

રાજકોટ, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વિકાસ અને બાંધકામના કામોને વધુ ઝડપી બનાવવા તેમજ વહીવટી પ્રક્રિયામાં થતો બિનજરૂરી વિલંબ અટકાવવાના ઉમદા આશયથી એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રશંસનીય નિર્ણય લીધો છે. માર્ગ અને મકાન વિભાગ હેઠળના વિવિધ પાયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની ટેન્ડર મંજૂરી પ્રક્રિયામાં પારદર્શકતા લાવવા અને ઝડપ વધારવા માટે હવે તમામ વહીવટી કક્ષાએ મહત્તમ સમયમર્યાદા નિર્ધારિત કરી દેવામાં આવી છે.

પ્રવર્તમાન વ્યવસ્થામાં ટેન્ડર મંજૂરીની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સામાન્ય રીતે ૧૨૦ દિવસ જેટલો લાંબો સમયગાળો લાગતો હતો, જેના કારણે અનેકવિધ વિકાસકામો ખોરંભે પડતા હતા કે પછી વિલંબિત થતા હતા. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કામો ત્વરિત ધોરણે શરૂ થાય તે સુનિશ્ચિત કરવા માટે નવી અને કડક સમયમર્યાદા લાગુ કરવાનો આદેશ કર્યો છે.

નવી નીતિ મુજબ, જે કામોમાં ઈજારદારોની પૂર્વ પાત્રતા (ડ્ઢિ-ીફહશરશભફશિંજ્ઞક્ષ)ની જોગવાઈ નથી અને જ્યાં માત્ર ફાઈનાન્સિયલ બીડ જ સબમિટ કરવાની હોય છે, તેવા તમામ ટેન્ડરોની ક્ષેત્રીય કચેરીથી લઈને સચિવાલય અને નાણા વિભાગ સુધીની સમગ્ર પ્રક્રિયા વધુમાં વધુ ૫૧ દિવસમાં પૂર્ણ કરી દેવાની રહેશે. બીજી તરફ, જે કામોમાં ટેકનિકલ અને ફાઈનાન્સિયલ એમ બે અલગ-અલગ બીડ ધરાવતી પૂર્વ પાત્રતાની જોગવાઈઓ સામેલ હોય, તેવા ટેન્ડરોની તમામ સ્તરે ચકાસણી સાથેની સમગ્ર



મંજૂરી પ્રક્રિયા મહત્તમ ૬૬ દિવસની સમયમર્યાદામાં આટોપી લેવાની રહેશે.

આ ઉપરાંત વહીવટી કાર્યક્ષમતામાં વધારો કરવા માટે ટેન્ડરની માન્યતા એટલે કે ટેન્ડર વેલિડિટીનો ગાળો પણ ૧૨૦ દિવસથી ઘટાડીને ૯૦ દિવસ કરી દેવામાં આવ્યો છે. એટલું જ નહીં, નિયમોનુસાર બહોળી પ્રસિદ્ધિ આપીને એકથી વધુ ટેન્ડર મળ્યા હોય તેવા કિસ્સાઓમાં હવે અનિવાર્ય સંજોગો સિવાય ઈજારદારો સાથે વાટાઘાટો (ગયલજ્ઞશિંફશિંજ્ઞક્ષ) કરવાનું ટાળવાનું રહેશે. જો કોઈ વિશેષ કે અનિવાર્ય કારણોસર વાટાઘાટો કરવી જરૂરી જ બને, તો પણ તે માત્ર એક જ સ્તરે એટલે કે સક્ષમ સત્તાધિકારી કક્ષાએ જ પૂર્ણ કરી લેવાની રહેશે; અલગ-અલગ સ્તરે વારંવાર વાટાઘાટો કરી શકાશે નહીં.

વહીવટી પ્રક્રિયામાં શિસ્ત અને જવાબદારી નક્કી કરવા માટે પણ મુખ્યમંત્રીએ કડક વલણ અપનાવ્યું છે. જો નિર્ધારિત કરાયેલી સમયમર્યાદામાં દરખાસ્તનો આખરી નિકાલ કરવામાં નહીં આવે, તો સંબંધિત કક્ષાએ વિલંબ પાછળના કારણોની સ્પષ્ટ નોંધ લઈને જે તે જવાબદાર અધિકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે જ, અધૂરી કે ક્ષતિગ્રસ્ત દરખાસ્તોના કારણે પ્રક્રિયામાં થતા વિલંબની સંપૂર્ણ જવાબદારી જે તે રજૂ કરનાર અધિકારી કે કચેરીની પોતાની રહેશે તેમ પણ સ્પષ્ટપણે આદેશિત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ ક્રાંતિકારી નિર્ણયોના પરિણામે સમગ્ર રાજ્યમાં રસ્તા, પુલ અને સરકારી મકાનો સહિતના પાયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની મંજૂરી પ્રક્રિયા અત્યંત ઝડપી અને વધુ પારદર્શક બનશે. તમામ કામો નિયત સમયમર્યાદામાં શરૂ થઈ શકશે, જેના સીધા પરિણામે પ્રજાજનોને પાયાની તમામ સુવિધાઓનો લાભ વહેલી તકે મળતો થશે અને રાજ્યના નાગરિકોના 'ઈઝ ઓફ લિવિંગ'માં નોંધપાત્ર વધારો થશે.

# જંગલેશ્વર ડિમોલિશન ખર્ચ વિવાદ ઘેરાયો

### ૭૦ દિવસ પછી પણ તપાસ રિપોર્ટ ન આવ્યો કોંગ્રેસ કોર્પોરેટરની ભૂખ હડતાલની ચીમકી



રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકા (RMC) દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા મેગા ડિમોલિશન બાદ ઊભા થયેલા ભ્રષ્ટાચારના વિવાદે ફરી ભારે જોર પકડ્યું છે. ડિમોલિશન અને કાટમાળ ખસેડવાની કામગીરીમાં લાખો રૂપિયાના બોગસ બિલ મૂકી ગેરરીતિ આચરવામાં આવી હોવાના ગંભીર આરોપો બાદ મનપા કમિશનર દ્વારા તપાસ સમિતિની રચના તો કરવામાં આવી હતી, પરંતુ ૭૦ દિવસથી વધુનો સમય વિતી જવા છતાં રિપોર્ટ જાહેર ન થતાં તંત્રની કામગીરી સામે શંકાની સોય સિંધાઈ રહી છે.

જંગલેશ્વર વિસ્તારમાં હાથ ધરાયેલી કામગીરી દરમિયાન મોટા પાયે 'કટકી' કરી ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની બાબત ભારે ચર્ચાસ્પદ બની છે. પારદર્શી વહીવટના દાવા કરતી મનપાની તપાસ કમિટી આટલા લાંબા સમય પછી પણ એક પ્રાથમિક રિપોર્ટ સુધી આપી શકી નથી. વોર્ડ નંબર ૧૬ના કોંગ્રેસના કોર્પોરેટર ઈબ્રાહીમ સોરાએ આ મુદ્દે તંત્ર સામે મોરચો માંડતા જણાવ્યું છે કે, ''તપાસના નામે તંત્રનું મીંડું સાબિત થયું છે. ૭૦-૭૦ દિવસ સુધી રિપોર્ટ દબાવી રાખવો એ સ્પષ્ટ દર્શાવે છે કે મનપાના અધિકારીઓ ભ્રષ્ટાચારીઓ પર પડદો પાડવાનો અને જવાબદારોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.'

સ્થાનિક પ્રજાજનોના હિત અને વહીવટી સચ્ચાઈ સામે લાવવા માટે હવે કોંગ્રેસે ઉગ્ર વિરોધ પ્રદર્શનની રણનીતિ ઘડી છે. કોર્પોરેટર ઈબ્રાહીમ સોરાએ મનપા તંત્રને સ્પષ્ટ ચેતવણી આપતાં જણાવ્યું છે કે, જો આગામી ગુરુવાર સુધીમાં જંગલેશ્વર ડિમોલિશન તપાસ કમિટીનો પ્રાથમિક રિપોર્ટ જાહેર કરવામાં નહીં આવે તો સ્થાનિક નાગરિકોને સાથે રાખીને મહાનગરપાલિકા કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ લડાઈને પરિણામ સુધી પહોંચાડવા માટે તેમણે ચીમકી આપી છે કે જો ગુરુવાર સુધીમાં સંતોષકારક પગલાં લેવામાં નહીં આવે તો તેઓ મેયર તેમજ મ્યુનિસિપલ કમિશનરની ચેમ્બરની બહાર બેસીને ભૂખ હડતાલ પર ઊતરશે. હવે જોવાનું એ રહેશે કે મનપા તંત્ર ગુરુવાર સુધીમાં રિપોર્ટ જાહેર કરીને સત્ય સામે લાવે છે કે પછી મનપા કચેરીના પ્રાંગણમાં વિપક્ષનું આંદોલન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે.

# જિ.પંચાયતની આજે 'ગરમાગરમ' સામાન્યસભા

### ૮૪ લાખના સ્થળાંતર ખર્ચના મુદ્દે શાસકો ભીંસમાં મુકાશે! : વિપક્ષના માત્ર બે સભ્યો હોવા છતાં શાસક પક્ષ માટે કસોટીનો જંગ : નાણાં પંચના આયોજન પર પણ આખરી મહોર લાગશે

રાજકોટ, તા. ૨૦

રાજકોટ જિલ્લા પંચાયતની નવી ચૂંટાયેલી પાંખની બીજી અને પ્રશ્નોત્તરી સાથેની પ્રથમ સામાન્યસભા આજે યોજાવા જઈ રહી છે. ગત બેઠકમાં માત્ર વિવિધ સમિતિઓની રચના સુધી જ કામગીરી સીમિત રહી હતી, પરંતુ આ વખતે સભ્યોના પ્રશ્નો એજન્ડામાં સામેલ હોવાથી શાસક પક્ષ અને તંત્ર માટે કસોટીની સ્થિતિ સર્જાવાની સંભાવના છે. રાજકોટ જિલ્લા પંચાયતની કુલ ૩૬ માંથી ૩૪ બેઠકો પર સત્તાધારી ભાજપનો વિજય થયો હતો, જ્યારે વિપક્ષમાં માત્ર કોંગ્રેસના એક અને આમ આદમી પાર્ટીના એક એમ કુલ બે જ સભ્યો છે. સંખ્યાબળની દ્રષ્ટિએ વિપક્ષ અત્યંત અલ્પ હોવા છતાં, પ્રજાકીય અને નાણાકીય અનિયમિતતાના મુદ્દે શાસકોને ભીંસમાં લેવા માટે કેટલું જોર લગાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.




આ સામાન્યસભામાં સૌથી વધુ ગાજવાની શક્યતા ₹૮૪ લાખથી વધુના સ્થળાંતર ખર્ચના પ્રશ્ને છે. કોર્ટ બિલ્ડિંગમાં વૈકલ્પિક સ્થળાંતર કરવા પાછળ જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલો આ વિવાદિત ખર્ચ છેલ્લા એકાદ વર્ષથી ચર્ચામાં છે. અગાઉની બોડીમાં પણ આ પ્રશ્ન ગાજ્યો હતો અને તપાસ કમિટી બનાવીને રિપોર્ટ સોંપવા આદેશ કરાયો હતો, પરંતુ ત્યારબાદ આ મામલે તંત્ર દ્વારા કોઈ સત્તાવાર પ્રતિક્રિયા કે રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નહતો. આ વખતે વિપક્ષી આમ આદમી પાર્ટીના સભ્ય દ્વારા ફરી આ પ્રશ્ન બોર્ડ સમક્ષ ઉઠાવાયો છે. આવી પરિસ્થિતિમાં શાસક પક્ષ અને તંત્ર પોતાની બચાવ કામગીરી કેવા પ્રકારે કરે છે અને તપાસનો નિષ્કર્ષ જાહેર થાય છે કે કેમ તે જોવું રહ્યું.

બીજી તરફ, આ સામાન્યસભાનો મુખ્ય અને વહીવટી એજન્ડા નાણાં પંચના આયોજનનો રહેવાનો છે. આ માટે શાસકો અને તંત્ર દ્વારા અગાઉથી જ જરૂરી હોમવર્ક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, જેથી બેઠકમાં આયોજનને આખરી ઓપ આપી શકાય. આ ઉપરાંત, જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના પ્રજાકીય પ્રશ્નો જેવા કે વરસાદી પરિસ્થિતિ, માર્ગોની બિસ્માર હાલત અને આરોગ્ય વિષયક સેવાઓને લગતા પ્રશ્નો પણ ચર્ચામાં આવશે. ઉલ્લેખનીય છે કે પ્રશ્નોત્તરીવાળી પ્રથમ સભા હોવા છતાં સભ્યોમાં નિરસતા જોવા મળી છે; કુલ ૩૬ માંથી માત્ર ૬ સભ્યોએ ૨૫ પ્રશ્નો રજૂ કર્યા છે, જેમાં ભાજપના ૪ તેમજ કોંગ્રેસ અને આપના ૧-૧ સભ્યનો સમાવેશ થાય છે. હવે સોમવારની બેઠકમાં આ મુદ્દાઓ પર કેવો હંગામો મચે છે તેના પર સત્તાકીય અને રાજકીય વર્તુળોની મીટ મંડાયેલી છે.

# મોંઘવારીના ડામ વચ્ચે વીજગ્રાહકોને મોટો ઝટકો

### વીજળી મોંઘી થઈ, પ્રતિ યુનિટ ૦.૩૭ સુધીનો વધારો : રાજકોટના ૭ લાખ અને સમગ્ર સૌરાષ્ટ્રના અંદાજે ૬૩ લાખ વીજગ્રાહકો સહિત આખા રાજ્યના નાગરિકોના ખિસ્સા ખાલી થશે

રાજકોટ, તા . ૨૦

દેશભરમાં ખાદ્યપદાર્થોથી લઈને સેવા ક્ષેત્ર સુધી સતત વધી રહેલી મોંઘવારી વચ્ચે હવે રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના વીજગ્રાહકો પર વધુ એક આર્થિક બોજ ઝીંકાયો છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ સરચાર્જ અને વેરીએબલ સરચાર્જમાં કરાયેલા વધારાને પગલે રાજકોટના સાત લાખ અને સમગ્ર સૌરાષ્ટ્રના અંદાજીત ૬૩ લાખ વીજગ્રાહકો સહિત આખા રાજ્યના નાગરિકોના ખિસ્સા ખાલી થશે. GUVNL દ્વારા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ (PGVCL) સહિત રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓને આ અંગેનો પરિપત્ર ઈસ્યુ કરી દેવામાં આવ્યો છે.

આ નવા પરિપત્ર મુજબ, નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા (એપ્રિલથી જૂન)નો આ વધારો ૧લી જુલાઈથી વસૂલવાની આદેશાત્મક સૂચના આપવામાં આવી છે. જેમાં બેઝ સરચાર્જ પ્રતિ યુનિટ રૂ. ૨.૩૦ને બદલે રૂ. ૨.૪૫ કરવામાં આવ્યો છે, અર્થાત પ્રતિ યુનિટ ૧૫ પૈસાનો સીધો વધારો થયો છે. આ ઉપરાંત, અત્યાર સુધી શૂન્ય ટકા રહેલો વેરીએબલ સરચાર્જ હવે ૩.૯૯ ટકા કરી દેવાયો છે, જે નાણાંકીય ગણતરી મુજબ પ્રતિ યુનિટ ૨૦ થી




૨૨ પૈસા થવા જાય છે. આમ, બંને મળીને વીજગ્રાહકો પર પ્રતિ યુનિટ કુલ ૩૫ થી ૩૭ પૈસાનો સરચાર્જ વધારો ઝીંકવામાં આવ્યો છે, જે ફાસ્ટ અને ફીક્સડ-ડિમાંડ ચાર્જ પર લાગુ થશે.

આ વધારામાંથી માત્ર કૃષિ ક્ષેત્રને જ બાકાત રાખવામાં આવ્યું છે. કૃષિ વિજ જોડાણમાં સરકાર સબસીડી આપતી હોવાથી આ રકમ ગુજરાત સરકાર પાસેથી વસૂલવા જણાવાયું છે. જોકે, કૃષિ સિવાયની તમામ કેટેગરીના વીજગ્રાહકો જેવા કે ઘરગથ્થુ, વાણિજ્યિક અને ઔદ્યોગિક ગ્રાહકો પાસેથી આ વધારાયેલો સરચાર્જ વસૂલવા માટે કોમ્પ્યુટર પ્રોગ્રામ અને સોફ્ટવેરમાં પણ જરૂરી ફેરફારો કરવા કહી દેવાયું છે.

પ્રતિ યુનિટ ૩૫ થી ૩૭ પૈસાના આ વધારાથી સમગ્ર ગુજરાતના ગ્રાહકો પર કરોડો રૂપિયાનો આર્થિક બોજ પડવાનું નિશ્ચિત બન્યું છે. ડ્રિસ્ટ્રીક તંત્રએ પોતાના હેઠળના અંદાજીત ૬૩ લાખ ગ્રાહકો પર પડનારા બોજની ગણતરી શરુ કરી દીધી છે. પ્રાથમિક અંદાજ પ્રમાણે ગ્રાહકોના માસિક વીજબીલમાં ૭ ટકા સુધીનો સીધો ઉછાળો આવી શકે છે. એકતરફ સામાન્ય નાગરિકો પહેલેથી જ ચોતરફી મોંઘવારીથી પીસાઈ રહ્યા છે, ત્યારે વીજબિલમાં થનારા આ મોટો વધારાથી ગ્રાહકોમાં ભારે રોષ અને દેકારો બોલી જવાની પૂરતી શક્યતા છે.

### એલસીબી ઝોન-૧નો દરોડો; એક્ટિવમાં માદક પદાર્થ રાખીને નીકળ્યો હતો

# જંગલેશ્વરમાં ૭૨ હજારના ગાંજા સાથે 'દુલિયો ધાડા' ઝડપાયો

### 'સે નો ટુ ડ્રગ્સ' મિશન હેઠળ કાર્યવાહીઃ એક્ટિવાની ડેકીમાંથી ૧૪૫૫ ગ્રામ ગાંજો, મોબાઈલ અને રોકડ સહિત ૧.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ તા. ૨૦

નશાકારક પદાર્થોનું વેચાણ અને સેવન અટકાવવા માટે શહેર પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા સે નો ટુ ડ્રગ્સ મિશન અંતર્ગત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ પેટ્રોલીંગમાં રહેલી એલસીબી (LCB) ઝોન-૧ ની ટીમના અસી. સબ ઈન્સ. મનરૂપગીરી બી. ગોસ્વામી તથા હેડ કોન્સ્ટેબલ વિરદેવસિંહ વિક્રમસિંહ જાડેજાને મળેલી સંયુક્ત ખાનગી બાતમીના આધારે આ દરોડો પાડવામાં આવ્યો હતો.

ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર્ઈ એસ.પી. સોઢાના માર્ગદર્શન હેઠળ એલસીબી ઝોન-૧ અને ભક્તિનગર પોલીસ સ્ટાફે જંગલેશ્વર શેરી નં. ૧૧, કનૈયા ચોક, રોયલ ફ્લોર મીલ સામે જાહેર રોડ પર દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે હોન્ડા એક્ટિવા મોપેડની ડેકીમાંથી માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે મજૂરી કામ કરતા અબ્દુલ ઉર્ફે દુલીયો ભીખુભાઈ ધાડા (ઉં.વ. ૪૪, રહે. જંગલેશ્વર)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે કિંમત રૂપિયા ૧,૨૩,૮૬૦નો કુલ મુદ્દામાલ કબ્જે કર્યો છે. જેમાં ગાંજો ૧૪૫૫ ગ્રામ કિંમત ૭૨,૭૫૦, હોન્ડા એક્ટિવા મોપેડ કિંમત ૪૦,૦૦૦, મોબાઈલઃ વન-પ્લસ કંપનીનો ફોન કિંમત ૧૦,૦૦૦, રોકડ રકમઃ ૧,૧૨૦ તેમજ અન્ય સામગ્રી ૧ નંગ સીમકાર્ડ અને ૧૧૫ નંગ પારદર્શક પ્લાસ્ટિકની કોથળીઓ કબ્જે કરવામાં આવ્યા છે.

ઝડપાયેલો આરોપી અબ્દુલ ઉર્ફે દુલિયો અગાઉ પણ ભક્તિનગર અને ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન, આઈ.પી.સી., જી.પી.એક્ટ તથા જુગાર ધારા હેઠળના ૭ જેટલા ગુનાઓમાં સંડોવાયેલો છે. આ અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટનાસ્થળે માદક પદાર્થનું પ્રાથમિક પરીક્ષણ એફએસએલ અધિકારી કે.એમ. તાવીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સફળ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલિક તથા ડીસીપી ઝોન-૧ હેતલ પટેલના માર્ગદર્શન હેઠળ ઈન. પો. ઈન્સ. એસ.પી. સોઢા, પીએસઆઈ એમ.કે. મોવલીયા, એએસઆઈ હરેશભાઈ પરમાર, મનરૂપગીરી ગોસ્વામી, હેડ કોન્સ. વિરદેવસિંહ જાડેજા, નરેન્દ્રભાઈ ગઢવી, હિતેન્દ્રસિંહ ઝાલા, મહાવીરસિંહ ચુડાસમા તથા ભક્તિનગર પોલીસ સ્ટેશનના એએસઆઈ નિલેશભાઈ મકવાણા, હેડ કોન્સ. હરવિજયસિંહ ગોહિલ અને પ્રભાતભાઈ મૈયડ દ્વારા કરવામાં આવી છે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ઈક ઝૂપડાં બને ન્યારા!

## આવાસ યોજનાઓ ધમધોકાર હોવા છતાં ઝૂપડપટ્ટી ઓછી કેમ થતી નથી?



કે.એલ.સાયગલનું ગીત છે, ' ઈક બંગલા બને ન્યારા...' રાજકોટમાં બંગલાને બદલે ઝૂંપડા ન્યારા બનાવવાની સ્પર્ધા જામી હોય તેવો માહોલ છે. મહાનગર પાલિકાની સામાન્ય સભામાં તાજેતરમાં એક અત્યંત સંવેદનશીલ અને વેધક પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. શહેરમાં ગરીબ પરિવારો માટે આવાસ યોજનાઓ ધમધોકાર ચાલી રહી છે. હજારો નવા પાકા મકાનોનું નિર્માણ થઈ રહ્યું છે અને તેનું વિતરણ પણ થાય છે. આટલી મોટી સંખ્યામાં મકાનો આપવા છતાં શહેરમાં ઝૂપડપટ્ટીઓની સંખ્યા કેમ ઘટતી નથી?

જનરલ બોર્ડમાં રજૂ થયેલો આ સવાલ ખૂબ જ ગંભીર અને રીયલ છે. દુઃખની વાત એ છે કે આવા મહત્વપૂર્ણ મુદ્દાને પણ રાજકીય ગણી લેવામાં આવે છે. વિરોધ પક્ષ સવાલ ઉઠાવે અને શાસક પક્ષ બચાવ કરે, બસ વાત પૂરી થઈ જાય છે. વાસ્તવમાં આ પ્રશ્ન પર રાજકારણ બાજુએ મૂકીને વાસ્તવિક અને ઊંડો અભ્યાસ થવો અત્યંત જરૂરી છે.

સરકાર દ્વારા આવાસ યોજનાઓ શરૂ કરવાનો મૂળ ઉદ્દેશ્ય ખૂબ સારો છે. બેઘર અને જરૂરિયાતમંદ લોકોને પોતાનું પાકું ઘર મળે તે તેનો મુખ્ય હેતુ છે. નવું ઘર મળવાથી ગરીબ પરિવારોનું જીવનધોરણ ઊંચું આવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ રાજકોટ શહેરનું ચિત્ર કંઈક અલગ જ વાસ્તવિકતા રજૂ કરે છે. શહેરમાં આવાસ યોજના અને ઝૂપડપટ્ટી બંને સાથે વધી રહ્યા છે. આ પરિસ્થિતિ સ્પષ્ટ સંકેત આપે છે કે તંત્રના આયોજનમાં કંઈક કાચું કપાઈ રહ્યું છે. યોગ્ય અભ્યાસ કે નીતિ વગર જ અણઘડ રીતે કામ ચાલી રહ્યું છે. વાસ્તવિક મુદ્દાઓ પર કોઈ નક્કર કામ થતું નથી એ હકીકત છે.

આવાસ યોજનાનો યોગ્ય લાભ ખરેખર પાત્રતા ધરાવતા લોકો સુધી પહોંચે છે કે કેમ તે મોટો પ્રશ્ન છે. ઘણા કિસ્સાઓમાં આવાસ મળ્યા પછી લોકો તેને ભાડે આપી દે છે. કેટલાક લોકો મકાન વેચીને ફરીથી જૂની જગ્યાએ ઝૂપડાં બાંધી લે છે. શહેરમાં રોજગારી અર્થે આવતા નવા લોકો માટે કોઈ ચોક્કસ વ્યવસ્થા હોતી નથી. આથી તેઓ નવી ઝૂપડપટ્ટીઓ ઊભી કરવા મજબૂર બને છે.

જે ઉદ્દેશ્યથી યોજના શરૂ થઈ હોય તે ઉદ્દેશ્ય જ સિદ્ધ ન થાય તો યોજનાનો કોઈ મતલબ રહેતો નથી. માત્ર કાગળ પર મકાનોની સંખ્યા દર્શાવવાથી ગરીબોનો ઉદ્ધાર થતો નથી. મહા નગરપાલિકાએ આ પ્રશ્ને વાસ્તવિક અભ્યાસ કરવો પડશે અને નક્કર નીતિ બનાવવી પડશે. જો યોગ્ય આયોજન કરવામાં નહીં આવે તો કરોડોના ખર્ચ છતાં ઝૂપડપટ્ટીઓ યથાવત જ રહેશે.

# દીવા પ્રગટાવવા માટે પૈસા છે છાત્રાલયો માટે કેમ નહીં?

## રાહુલ ગાંધીએ સરકારને સવાલ કરતા કહ્યું , સુવિધાના અભાવે ઘણી વિદ્યાર્થીનીઓ શાળા છોડી દે છે

નવીદિલ્હી, તા. ૨૦

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર દેશભરમાં દીવા પ્રગટાવવાની ટીકા કરી છે. તેમણે વિદ્યાર્થીઓની મૂળભૂત જરૂરિયાતો સાથે જોડીને આકરા પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે સરકાર પાસે દીવાઓ પર ખર્ચ કરવા માટે પૈસા છે, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં વિદ્યાર્થીઓને માળખાગત સુવિધાઓ અને નાણાકીય સહાય પૂરી પાડવા માટે ભંડોળનો અભાવ છે. રવિવારે (૨૦ સપ્ટેમ્બર) રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં ઇન્દોરમાં તેમના ''છત્રોં કી ગૂંજ'' કાર્યક્રમ દરમિયાન એક વિદ્યાર્થી દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમની પોસ્ટમાં, તેમણે ઉચ્ચ શિક્ષણ માટે ગામડાઓથી શહેરોમાં સ્થળાંતર કરતી મહિલાઓ સામે આવતી પ્રણાલીગત અવરોધો પર પ્રકાશ પાડ્યો હતો.

કોંગ્રેસના સાંસદે તેમની પોસ્ટમાં કહ્યું, ''સરકાર પાસે દીવા પ્રગટાવવા માટે પૈસા છે - આપણી છાત્રાલયો માટે કેમ નહીં?'' ''આ પ્રશ્ન ગઈકાલે ઈન્દોરમાં એક વિદ્યાર્થીએ મને પૂછ્યો હતો. હું ગામથી શહેરમાં ભણવા આવ્યો હતો. ત્યાં કોઈ હોસ્ટેલ નથી, તેથી મારે પીજીમાં રહેવું પડે છે. ફક્ત સલામત રહેવાનો ખર્ચ લાખો થાય છે. દર મહિને ભાડાની ચિંતા અને બેઘર થવાનો ડર - આ બધું જ મારે ભણવું પડે છે.'' વધુમાં, વડા પ્રધાન પાસેથી જવાબ માંગતા, રાહુલ ગાંધીએ એ વાત પર ભાર મૂક્યો કે ઘણી છોકરીઓ રહેઠાણ અને સુરક્ષાની ચિંતાઓને કારણે શાળા છોડી દે છે. તેમણે કહ્યું, ''ઘણી છોકરીઓ આના કારણે અભ્યાસ છોડી દે છે. ફક્ત એટલા માટે કે તેમની પાસે રહેવા માટે જગ્યા નથી. અને આવાસ ભથ્થું? તે મોંઘવારી સાથે વધતું નથી, અને તે ઉપરાંત, તે ભ્રષ્ટાચારને કારણે ખોવાઈ જાય છે.'' તેમણે પીએમ મોદીને પૂછ્યું કે શું તેમની પાસે છોકરીના પ્રશ્નનો કોઈ જવાબ છે.



શનિવારે, ઇન્દોરમાં ''છત્રોં કી ગુંજ'' કાર્યક્રમ દરમિયાન, રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર દેશની વ્યવસ્થા અંગે અનેક આરોપો લગાવ્યા હતા. ''દેશ પર સિસ્ટમનો કબજો'' શીર્ષક ધરાવતી પ્રેઝન્ટેશન રજૂ કરતાં તેમણે દાવો કર્યો કે દેશની ઘણી અગ્રણી સંસ્થાઓ રાજકીય, વહીવટી, વૈચારિક અને વ્યવસાયિક હિતોના નેટવર્કના પ્રભાવ હેઠળ છે. રાહુલ ગાંધીએ પરીક્ષાના પેપર લીક થવા, સંસ્થાકીય કામગીરી, અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રના ખેલાડીઓની ભૂમિકા અને અમિત શાહના પુત્ર જય શાહની ક્રિકેટ વહીવટમાં નિમણૂકને વિદ્યાર્થીઓ ઉઠાવી શકે તેવા મુદ્દાઓના ઉદાહરણો તરીકે ટાંક્યા. તેમણે કહ્યું, ''એક વિદ્યાર્થી પૂછે છે કે અમિત શાહનો પુત્ર ક્રિકેટ એસોસિએશનનો અધ્યક્ષ કેવી રીતે બન્યો.'' એક વિદ્યાર્થી પૂછે છે કે બે વ્યક્તિઓએ ભારતના સમગ્ર વ્યવસાયિક ક્ષેત્ર પર કેવી રીતે કબજો જમાવ્યો છે. બીજો વિદ્યાર્થી પૂછે છે કે ન્યાયતંત્ર અને અન્ય સંસ્થાઓ તેમના કાર્યો કરવામાં કેમ નિષ્ફળ રહી છે, અથવા ચૂંટણી પંચ તેની ફરજો કેમ નિભાવી રહ્યું નથી. તેમણે કહ્યું કે સિસ્ટમને વિદ્યાર્થીઓની જરૂર નથી, તેને ''અંધ અનુયાયીઓની'' જરૂર છે.

રાહુલ ગાંધીએ ''અંધ અનુયાયી'' શબ્દનો ઉપયોગ કરીને કહ્યું કે જે કોઈ પ્રશ્નો પૂછતો નથી તે વિદ્યાર્થીની ભૂમિકા ભજવતો નથી. તેમણે કહ્યું કે અંધ અનુયાયી ક્યારેય પ્રશ્નો પૂછતો નથી. વિદ્યાર્થી તે છે જે પોતાનો અવાજ ઉઠાવે છે. તેમણે કહ્યું કે અંધ અનુયાયી વિદ્યાર્થીનો બિલકુલ વિરોધી છે. એક વિદ્યાર્થી પ્રશ્નો પૂછે છે અને જિજ્ઞાસા રાખે છે, જ્યારે એક આંધળો અનુયાયી પોતાના ભ્રમના વિશ્વમાં રહે છે. એક વિદ્યાર્થી નિર્ભય હોય છે, જ્યારે એક આંધળો અનુયાયી કાયર હોય છે.

# માતૃશક્તિનું સન્માન થવું જોઈએ : CM યોગી

## રાહુલ ગાંધી દ્વારા પીએમ મોદીની મિમિક્રી અને હામિદ અન્સારીના નિવેદન પર સીએમ યોગીનો આકરો પ્રહાર

નવી દિલ્હી, તા. ૨૦

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારી પર આકરા પ્રહારો કર્યા છે. ગ્રેટર નોઈડાની ગૌતમ બુદ્ધ યુનિવર્સિટી ખાતે આયોજિત 'પ્રેરણા વિમર્શ-૨૦૨૬' ના સમાપન સમારોહને સંબોધતા સીએમ યોગીએ સનાતન પરંપરા, ભારતીય સંસ્કૃતિ અને નારી શક્તિના મહત્વ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ભારતનો આત્મા સનાતન ધર્મમાં વસેલો છે અને દેશના નાગરિકો આપણા ઋષિ-મુનિઓ, દેવી-દેવતાઓ, પવિત્ર તીર્થસ્થળો અને આપણી ભવ્ય વિરાસતની પરંપરા પર હંમેશા ગર્વ અનુભવે છે.

આ સમારોહમાં સીએમ યોગી આદિત્યનાથે પૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીના અગાઉના વિવાદાસ્પદ નિવેદનનો ઉલ્લેખ કરતા કડક ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જ્યારે કોઈ વ્યક્તિ ઉચ્ચ બંધારણીય પદ પર બેઠી હોય અથવા રહી ચૂકી હોય ત્યારે તેમણે આવા નિવેદનો આપવાનું ટાળવું જોઈએ. યોગીએ આક્ષેપ કર્યો હતો કે આવા પ્રકારના નિવેદનો માત્ર વિશ્વ સ્તરે ભારતની નકારાત્મક છબી ઊભી કરવાનું જ કામ નથી કરતા, પરંતુ તે 'ભારત-વિરોધી' માનસિકતાને પણ ખુલ્લેઆમ પ્રોત્સાહન આપે છે, જે રાષ્ટ્રના હિતમાં બિલકુલ યોગ્ય નથી.



આ ઉપરાંત મુખ્યમંત્રીએ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી દ્વારા તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કરવામાં આવેલી મિમિક્રીના મુદ્દે પણ ભારે નારાજગી વ્યક્ત કરતા આકરી ટિપ્પણી કરી હતી. આ ઘટનાને વખોડતા તેમણે જણાવ્યું હતું કે દેશમાં માતૃશક્તિનું હંમેશા સન્માન થવું જોઈએ. યોગીએ કટાક્ષ કરતા ઉમેર્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં હંમેશા બીજાને પ્રથમ પ્રાથમિકતા આપવાની ઉમદા ભાવના સમાયેલી છે. જે લોકોને શિષ્ટાચાર અને સંસ્કારના આવા મૂળભૂત મૂલ્યો શીખવવામાં જ આવ્યા નથી, તેમના માટે ''વસુધૈવ કુટુંબકમ'' ની મહાન ભાવનાને સમજવી તદ્દન અશક્ય છે.

# વાતચીત કે નિર્ણાયક યુદ્ધ : વિશ્વમાં ચિંતા

## ઈરાને વોશિંગ્ટનને સ્પષ્ટ શબ્દોમાં કહી, ૭ કડક શરતો મૂકી : અમેરિકા માટે શર્તનું પાલન જ એક માત્ર વિકલ્પ

નવીદિલ્હી, તા.૨૦

અમેરિકા સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે વાટાઘાટો ફરી શરૂ કરતા પહેલા ઈરાને સાત શરતો મૂકી છે. ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સેક્રેટરી મોહસેન રેઝાઈએ જણાવ્યું હતું કે કતારે ઈરાનની શરતો અમેરિકાને જણાવી દીધી છે. તેહરાન હવે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જવાબની રાહ જોઈ રહ્યું છે. જોકે, ઈરાને હજુ સુધી બધી સાત શરતો જાહેર કરી નથી. અત્યાર સુધીની મુખ્ય માંગણીઓમાં તમામ મોરચે યુદ્ધનો અંત, ઈરાનના સ્થિર ભંડોળની મુક્તિ અને નૌકાદળ નાકાબંધીનો અંત શામેલ છે. રેઝાઈએ જણાવ્યું હતું કે આ શરતોનું પાલન કરવું અમેરિકાના હિતમાં છે. તેમણે ટ્રમ્પની ધમકીઓને બિનઅસરકારક ગણાવી હતી અને કહ્યું હતું કે જો અમેરિકા માંગણીઓ પૂર્ણ નહીં કરે તો ઈરાન નિર્ણાયક યુદ્ધ માટે તૈયાર છે. કતાર અને પાકિસ્તાન ઈરાન અને અમેરિકા વચ્ચે વાટાઘાટો ફરી શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગયા મહિને બંને દેશો વચ્ચેનો વાટાઘાટ કરાર તૂટી ગયો હતો. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓ બાદ ફેબ્રુઆરીના અંતમાં વર્તમાન યુદ્ધ શરૂ થયું હતું.



રેઝાઈએ એમ પણ કહ્યું હતું કે ઈરાનને બીજા યુએસ હુમલાનો ડર છે. તેમના મતે, ઈરાને તેની લશ્કરી તૈયારીઓમાં ફેરફાર કર્યો છે અને હવે તે પર્સિયન ગલ્ફથી ઓમાનના અખાત અને અરબી સમુદ્ર સુધી યુએસ નૌકાદળો પર નજર રાખી રહ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે ઈરાને તાજેતરમાં એક અમેરિકન જહાજ અથવા વિમાનવાહક જહાજ નજીક બહુવિધ-યુદ્ધ-વિરોધી જહાજ મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. તેમણે ચેતવણી આપી હતી કે ઈરાનનો ભાવિ પ્રતિભાવ આ પ્રદેશમાં સ્થિત યુએસ લશ્કરી થાણાઓ, તેમજ યુએસ વ્યવસાયો અને કંપનીઓ સુધી પહોંચી શકે છે. પરમાણુ કાર્યક્રમ અંગે, રેઝાઈએ જણાવ્યું હતું કે ઈરાને હજુ સુધી ગઝ્ઝ માંથી ખસી જવાનો નિર્ણય લીધો નથી અને તેની પરમાણુ નીતિમાં કોઈ ફેરફાર થયો નથી. તેમણે ઉમેર્યું હતું કે ઈરાન પરમાણુ શસ્ત્રો સામે ધાર્મિક આદેશોનું પાલન કરી રહ્યું છે. જોકે, યુએસ કાર્યવાહી ભવિષ્યમાં તેને NPT છોડવા તરફ ધકેલી શકે છે.

રેઝાઈએ બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ બંધ કરવાનો ઈનકાર કર્યો હતો, તેને યમન અને હુતી ચળવળને જવાબદાર ગણાવી હતી. હોર્મુઝ સ્ટ્રેટ અંગે, તેમણે જણાવ્યું હતું કે ઈરાન અને ઓમાન વચ્ચેનો કરાર લગભગ તૈયાર હતો પરંતુ તેને મુલતવી રાખવામાં આવ્યો છે. દરમિયાન, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ૧૮ થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ઉચ્ચ-સ્તરીય સપ્તાહમાં હાજરી આપવા માટે ઈરાની પ્રતિનિધિમંડળને વિઝા આપ્યા છે. ઈરાને યુએસ સાથે વાટાઘાટો ફરી શરૂ કરવા માટે સાત શરતો મૂકી છે, જેમાં યુદ્ધ સમાપ્ત કરવું, સ્થિર ભંડોળ મુક્ત કરવું અને નૌકાદળ નાકાબંધી હટાવવી શામેલ છે. ઈરાને નિર્ણાયક યુદ્ધની ધમકી આપી છે.

# શબ્દ બ્રહ્મ

સદ્‌ગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### ''કાળકેય''નો વધ કરવાં કુંભજ ઋષિ એક જ અંજલિમાં આખાં સમુદ્રનું જળ પી જાય છે



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઋષિઓ એ સદીઓ પહેલાં માનવીય જીવન કેવું હતું? તેનાં પર વૈદિક શાસ્ત્રો લખીને આપણી સંસ્કૃતિની રચના કરી છે, એમ પણ કહી શકાય. એટલે કે આવનારી પેઢીએ કઈ રીતે જીવવું એનો સ્પષ્ટ સંદેશ વર્ણવ્યો હોય, અથવા તો એના પરથી નિયમો બનાવ્યા હોય, તેને પરંપરા કહેવામાં આવે છે. ઘણીવાર પરંપરાનું આંધળું અનુસરણ જડતા પણ લાવી શકે, એટલે એ ઋષિમુનિઓના કહેવાનું તાત્પર્ય સમજીને એ મુજબ પરંપરાને પ્રવાહી બનાવવી જોઈએ. ઈતિહાસમાં નજર કરીએ તો હિંદુ સંસ્કૃતિના પાયામાં રહેલા ઋષિઓના જન્મ તેમજ તેમના જીવન ઘણીવાર વિચિત્ર કહી શકાય, એવું પણ તેના પરથી ફલિત થાય. છતાં જેનો મુખ્ય ઉદ્દેશ, માનવીય જન્મમાં ઈશ્વરની સાધના કરી લેવી, એ જ જેનું જીવનનું મહત્વનું કર્મ હોય, તેને ઋષિ કહી શકાય. પછી તે યુગ ગમે તે હોય, કળિયુગમાં પણ જેનું સૌથી મહત્વનું કાર્ય, હરિ રૂપે રહેલા આ જગતને પ્રેમ કરવાનું છે. અથવા તો તત્વતઃ ચૈતન્યના ચિદવિલાસ આગળ સમગ્ર સૃષ્ટિ સંચાલિત છે, એવું જ્ઞાન પ્રાપ્ત થતાં મનના તમામ વિકારો ધીરે ધીરે ઓગળી જાય, અને હૃદયમાં પરમ તત્વ પ્રત્યે પૂર્ણ પ્રેમ પ્રગટ થાય, આવું જ્ઞાન પ્રાપ્ત થયાં પછી જે કોઈ નિર્મળ નિર્મોહી થઈ સંસારમાં ત્યાગ બલિદાન અને સમર્પણ જેવા અદકેરા ગુણો થકી જીવન વ્યતીત કરે, તે આજેપણ ઋષિ છે. આપણે ત્રેતા કાળમાં થઈ ઋષિઓ વિશે ચિંતન કરી રહ્યા છીએ અને એ જ સમયગાળામાં થઇ ગયેલા અન્ય એક ઋષિ કુંભજ કે અગસ્ત્ય મુનિ વિશે વાત કરીશું.

આમ તો કુંભજ નામ પરથીજ સૌને ખ્યાલ આવી જાય કે તેનો જન્મ કુંભ દ્વારા થયો હશે. મિત્રા અને વરુણ એક દિવસ ભગવાન આદિત્યના યજ્ઞમાં હાજરી આપવા જાય છે, અને ત્યાં આગળ સ્વર્ગની સર્વશ્રેષ્ઠ સુંદર એવી અપ્સરા ઉર્વશીને જોઈને વરુણનું તેજ સ્ખલિત થઇ જાય છે, જેમાંનુ અર્ધુ એક કુંભમાં પડે છે, અને આમ મિત્રા વરુણ અને માતા ઉર્વશીના સંતાન તરીકે કુંભમાંથી એક બાળક જન્મે છે,તે કુંભજ ઋષિ તરીકે પ્રસિદ્ધ છે. વિજ્ઞાન આજે કળિયુગની આટલી સદીએ પણ હજી એટલી પ્રસિદ્ધિ પામ્યું નથી, ત્યારે મહર્ષિનાં તેજથી આ રીતે પુત્ર જન્મ પણ થતાં હતાં,એ છે આપણી સંસ્કૃતિની મહત્તા,જો કે સાથે સાથે અન્ય ગુણ તરફ પણ નિર્દેશ કરે છે. ખેર કુંભજ ઋષિએ પોતાના જીવનમાં ઈશ્વર સાધના સિવાય લોક ઉપયોગી ઘણાં સારાં કાર્યો કર્યા છે.

પુરાણમાં બતાવ્યાં મુજબ એ સમયે સુર અને અસુર વચ્ચે વારંવાર યુદ્ધો થતાં હતાં, અને અસુરો પોતાનું સામ્રાજ્ય વધારવા માટે વારંવાર પ્રજાને પરેશાન કરતા હતાં, અને એમાં પણ સાગર પાન કરનારા અસુરો સંતાઈને સમુદ્રનું પાણી ચૂસી લેતા હતાં, અને પ્રજા ત્રાહિમામ પોકારી જતી હતી. એ સમયે ઈન્દ્રએ અસૂરો ના વધ માટે અગ્નિ અને વાયુને સમુદ્રનું પાણી શોષી લેવાની આજ્ઞા કરી. પરંતુ તે બંને એ ઈન્દ્રની આજ્ઞા માની નહીં, આથી ઇન્દ્રએ તેને શ્રાપ આપ્યો, અને પછીના મન્વંતર માં અગ્નિ અને વાયુ બંને મિત્રાવરુણ ના સંતાન તરીકે એક જ દેહમાં જન્મ લે છે. કાળકેય નામનો અસુર, કે જે સંમુદ્રમા સંતાઈ ગયો હોય છે. તેનો વધ કરવા,કુંભજ ઋષિ એક જ અંજલિમાં સારાં સમુદ્રનુ જળ પી જાય છે, અને તે અગસ્ત્ય નામે પણ ઓળખાય છે.

વિંધ્યાચળ નામનો પર્વત ખૂબ જ વધતો હતો અને આ રીતે સૂર્ય નાં માર્ગમાં રુકાવટ ઊભી કરતો હતો. વિંધ્યાચળ પર્વત અગસ્ત્ય મુનિ નો શિષ્ય હતો, આથી દેવો પોતાને વ્યથા સંભળાવવા અગસ્ત્ય મુનિ પાસે આવે છે, અને વિંધ્યાચલ અને સમજાવવાનું કહે છે. અગસ્ત્ય ઋષિ વિંધ્યાચળ પાસે આવે છે, તેમને જોઈને વિંધ્યાચળ દંડવત પ્રણામ કરે છે. અગસ્ત્ય મુનિ વિંધ્યાચળને કહે છે કે, તું હવે આમ જ રહેજે, હું દક્ષિણના પ્રવાસે જઈ ને પાછો આવું ત્યાં સુધી તું ઊભો થતો નહીં, અને આમ વિંધ્યાચળ ગુરુના પાછા આવવાની રાહ જોઈ રહે છે, પરંતુ ગુરુ પાછા આવતા નથી. તેથી મિથ્યા વાયદાને અગત્યના વાયદા સાથે પણ સરખાવવામાં આવે છે.

એકવાર સ્વપનમાં ઋષિએ પોતાના પિતૃઓને ખાઈમાં ઉંધામાથે લટકતા જોયાં, તેમણે તેમને પૂછ્યું કે તમારી આ દશા કોણે કરી? ત્યારે તેમણે તેને જણાવ્યું કે તને જ્યારે બાળક થશે ત્યારે જ અમારી આ દશા માંથી મુક્તિ થશે. અગસ્ત્ય ઋષિએ લગ્ન કરવાનો વિચાર કર્યો પરંતુ સારા સંસારમાં તેને પોતાને લાયક કોઈ સ્ત્રી દેખાતી નથી આથી તેણે પોતાના તપના બળે મેળે જ એક સુંદર કન્યા બનાવી,અને તેનું નામ લોપામુદ્રા રાખ્યું. છૂપી રીતે આ કન્યાને વિદર્ભ રાજાના મહેલમાં મૂકી આવે છે અને તે કન્યા મોટી થતાં તેની સાથે લગ્ન કરે છે અને તેનાથી તેને દ્રૃઢાસ્ય દ્રૃઢસ્યુ નામના બે પુત્રો થાય છે.

રામચંદ્રશ્રીરામજી જ્યારે સીતાજીની ખોળ કરતાં-કરતાં ત્યાં આવ્યા ત્યારે અગત્સ્ય ઋષિએ તેમને થોડા દિવસ તેમના આશ્રમમાં જ પ્રેમથી રોક્યા. વળી તેમણે ભગવાનને 'વિરજા' નામની શૈવદીક્ષા આપી જેમા એમાં આખે શરીરે ભસ્મ ચોળી ભસ્મ ઉપર સૂઈ રહેવું, રુદ્રાક્ષ ધારણ કરવા અને શિવમંત્ર જપવાનો હોય છે. તેમની પાસે અનેક અમોઘ અને અજોડ શસ્ત્રાસ્ત્ર હતા તે ભગવાન રામને વિદાય થતી વેળા સોપ્યા.

ઇંદ્રને શાપિત થતાં ૧૦૦૦ વર્ષ માટે ગાદી છોડવી પડી અને નહુષ રાજાને દેવોએ થોડો વખત ઇંદ્રની ગાદી સંભાળવા બોલાવેલા. તે વેળા તેણે આળસુ થઈ સાત ઋષિઓ પાસે પાલખી ઉપડાવેલીને ઋષિઓને ચાલતાં વાર લાગી ત્યારે પાલખીમાંથી 'સર્પ, સર્પ' એટલે જલદી ચાલો, જલદી ચાલો એમ તે બોલતો. આ સાંભળી અગસ્ત્યે તેને શાપ આપ્યો કે તું સર્પ થઈ પૃથ્વી પર પડ.

અગસ્ત્ય મુનિ એટલે કે કુંભજ ઋષિનો દક્ષિણમાં નિવાસ વધુ રહ્યો હોવાથી, તેમણે દ્રવિડમાં ઘણા શાસ્ત્રોની રચના કરી છે. અગત્ય ગીતા નામે એક ગ્રંથ પણ બહુ પ્રચલિત છે, આ ઉપરાંત તમિલ ભાષાના તે શોધક ગણાય છે. તેમણે નૌકા શાસ્ત્રની પણ રચના કરી છે, અને પહેલવહેલી હોડી પણ બનાવી હતી, અને દેશોદેશ મુસાફરી કરી સમુદ્ર માર્ગે ઘણા દેશની શોધ પણ તેમણે કરી હતી. આ ઉપરાંત અગસ્ત્ય મત નામના શાસ્ત્ર એ રત્ન શાસ્ત્ર છે, જેમાં રત્નો વિશેની માહિતી આપવામાં આવી છે. રત્નની ઉત્પત્તિ તથા તેનાં લક્ષણ, ગુણ અને પરીક્ષાનું વર્ણન છે.અગસ્ત્ય સંહિતા એ વિષ્ણુ પૂજન કરવાની રીતિ દર્શાવતું શાસ્ત્ર છે, જેની રચના અગસ્ત્ય મુનિએ કરેલી.આદિત્યહ્રદયમ સ્તોત્ર તેમણે ભગવાન રામને રાવણ સામે યુધ્ધ કરતા પહેલા આપ્યું હતું.તેમણે શ્રીલલિતાસહસ્ત્ર સ્તોત્રની રચના કરી હતી. અગસ્ત્ય ઋષિ તંત્રશાસ્ત્રના આચાર્ય પણ હતા અને તેમાં ઊંડુ જ્ઞાન ધરાવતા.વળી તેઓ ઉત્તમ તત્ત્વવેત્તા હતા, તેમણે બ્રહ્મપુરાણ અને વૈદવિદ્યા ઉપર ઘણું ભાષ્ય લખેલું છે.ધનુર્વિદ્યામાં પણ તેઓ પારંગત હતાં, અને હમેશ ધનુષ્ય સાથે રાખી ફરતાં હતાં. અગસ્ત્યાશ્રમ મદ્રાસ પાસે અગસ્ત્યકૂટ નામનો પર્વત આવેલો છે. એક માન્યતા મુજબ અગસ્ત્ય ઋષિ હજી હયાત છે અને તિનેવેલીમાં આવેલા આ પર્વત ઉપર રહેતા મનાય છે.

આમ અનેકોનેક સિદ્ધિ પ્રસિદ્ધિને હાંસલ કરવા વાળા ઋષિ કુંભજ કે અગસ્ત્ય મુનિના જીવનમાંથી આપણે તો ફક્ત એટલી જ પ્રેરણા લેવાની છે કે, આ કાચી માટીનો કુંભ નંદવાઈ જાય, એ પહેલાં એમની જેમ એકાદ વિશિષ્ટ કાર્ય કરી લઈએ. બીજુ કંઈ નહીં તો દુઃખ હંમેશા માનવીને દરિયા જેવડુ મોટું લાગતું હોય છે, તો એ દુઃખનાં દરિયાને પી જઈને હરિનામ સ્મરણ કે ઈશ્વર અનુસંધાન બનાવી રાખીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

પોલીસ કર્મીઓ માટે લાલ બત્તી, આજથી ખાસ ડ્રાઈવ

# બ્લેક ફિલ્મ કે 'પોલીસ' લખેલા વાહન સામે ગુનો નોંધો : DG

## રાજ્ય પોલીસ વડાનો સપાટોઃ આજે તા.૨૧ ૫ ઓક્ટોબર સુધી ખાસ ડ્રાઈવ, નિયમ તોડનાર ખાખીધારીઓ સામે શિસ્તભંગના આકરા પગલાં લેવાશે






ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજ્યના પોલીસ વડા દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક આદેશ જારી કરવામાં આવ્યો છે, જેણે પોલીસ બેડામાં ભારે ચર્ચા જગાવી છે. આ આદેશ મુજબ, આવતીકાલ એટલે કે ૨૧ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર સુધી રાજ્યભરમાં એક ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડ્રાઈવના નિશાના પર સામાન્ય નાગરિકો નહીં, પરંતુ ખુદ પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ રહેશે. જો ચેકિંગ દરમિયાન કોઈપણ પોલીસ અધિકારી કે કર્મચારીના વાહન પર પ્રતિબંધિત બ્લેક ફિલ્મ લગાવેલી હશે, નંબર પ્લેટ પર કે વાહનમાં અન્ય કોઈ જગ્યાએ 'પોલીસ' અથવા 'પી' લખેલું હશે, અથવા તો વાહનમાં નંબર પ્લેટ જ નહીં હોય, તો તેમની સામે સખત અને દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસ વડાના આદેશ અનુસાર, આ સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત તમામ પોલીસ સ્ટેશનો, પોલીસ લાઈન અને અન્ય સરકારી કચેરીઓના પરિસરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવશે. વાહનચાલકો ઉપરાંત, ગેરકાયદેસર રીતે વાહનો પર બ્લેક ફિલ્મ ચડાવી આપવાનું કે તેનું વેચાણ કરતા તમામ ગેરેજ, સર્વિસ સેન્ટરો અને કાર એસેસરીઝની દુકાનો કે શોરૂમ પર પણ પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવશે. આવા સ્થળોએથી પ્રતિબંધિત અને ગેરકાયદેસર સામાન સ્થળ પરથી જ જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવાના સ્પષ્ટ આદેશો આપી દેવામાં આવ્યા છે.

આ ઝુંબેશ માત્ર ૧૫ દિવસ પૂરતી જ સીમિત નથી, પરંતુ રાજ્ય પોલીસ વડાએ સ્પષ્ટ ચીમકી આપી છે કે આ ડ્રાઈવ પૂર્ણ થયા બાદ પણ જો કોઈ પોલીસ અધિકારી કે કર્મચારી ટ્રાફિક નિયમોનો ભંગ કરતા ઝડપાશે, તો તેમની સામે માત્ર ટ્રાફિકના કાયદા હેઠળ દંડનીય કાર્યવાહી નહીં થાય, પરંતુ ખાતાકીય રીતે ગેરવર્તણૂક અને શિસ્તભંગ અંગે પણ આકરા શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. આ સમગ્ર સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન કરવામાં આવેલી સઘન કામગીરીનો વિસ્તૃત રિપોર્ટ આગામી ૬ ઓક્ટોબરના રોજ રાજ્યની પોલીસ વડી કચેરીએ અચૂક મોકલી આપવા માટે તમામ સંબંધિત ઉચ્ચ અધિકારીઓને કડક આદેશ કરવામાં આવ્યો છે.

પેરોલ ફર્લો સ્ક્વોડે દીપક ચૌહાણને અક્ષરનગર પાસેથી દબોચ્યો

# વલસાડ પંથકના દારૂના ગુનામાં નાસતો ફરતો રાજકોટથી ઝડપાયો



રાજકોટ, તા.૨૦

રાજકોટ શહેરમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની ઝુંબેશ અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચની પેરોલ ફર્લો સ્ક્વોડને વધુ એક મોટી સફળતા મળી છે. રાજકોટ શહેર પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓની સૂચના અને પી.આઈ. એમ.એલ. ડામોરના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એસ. બી. ઘાસુરા અને તેમની ટીમે વલસાડ જિલ્લાના પારડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂબંધીના ગુનામાં ફરાર આરોપીને રાજકોટમાંથી ઝડપી પાડ્યો છે.

પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસનો ઉપયોગ કરીને ચોક્કસ બાતમી મેળવી હતી કે આ ગુનામાં સંડોવાયેલો આરોપી રાજકોટના અક્ષરનગર-૧ લાખના બંગલા પાસે છુપાયેલો છે, જેના આધારે દરોડો પાડીને તેને સફળતાપૂર્વક ઝડપી લેવામાં આવ્યો હતો.

ઝડપાયેલા આરોપીની સઘન પૂછપરછ કરતા તેનું નામ દીપક હસમુખ ચૌહાણ (ઉ.વ. ૩૮) હોવાનું સામે આવ્યું છે. આરોપી મૂળ દુધસાગર રોડ પર આવેલી રિદ્ધિ સિદ્ધિ સોસાયટી શેરી નં. ૧૩માં એચ.જે. સ્ટીલની સામે રહે છે, પરંતુ હાલ તે અક્ષરનગર-૧ હીરાનો બંગ્લો ચોક ખાતે ગુરુવંદના મકાનની સામે કશ્યપના મકાનમાં ભાડેથી રહેતો હતો. આરોપી વિરુદ્ધ વલસાડ જિલ્લાના પારડી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ મુજબ દારૂનો ગુનો નોંધાયેલો હતો અને તે પોલીસ પકડથી બચવા સતત નાસતો ફરતો હતો. પેરોલ ફર્લો સ્ક્વોડે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ માટે તેને પારડી પોલીસ સ્ટેશનના અધિકારીઓને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

# ઠગાઈ કેસમાં ફરાર આરોપી મહેસાણાથી પકડાયો

## પેરોલ ફર્લો સ્કવોડે ખેરાલુના મલેકપુર ગામેથી સંજયસિંહ ઝાલાને દબોચી લીધો

રાજકોટ, તા.૨૦

રાજકોટ શહેરમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચની પેરોલ ફર્લો સ્કવોડને મોટી સફળતા મળી છે. રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડી અને વિશ્વાસઘાતના એક ગુનામાં નાસતા ફરતા આરોપીને પોલીસે મહેસાણા જિલ્લામાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી.ની કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા આઈટી એક્ટની કલમ ૬૬(ડી) મુજબ છેતરપિંડીનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં સંડોવાયેલો ૨૬ વર્ષીય આરોપી સંજયસિંહ અમરસિંહ ઝાલા (રહે. મલેકપુર, તા. ખેરાલુ, જી. મહેસાણા) પોલીસ પકડથી બચવા સતત નાસતો ફરતો હતો. રાજકોટ શહેર પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી પી.આઈ. એમ.એલ. ડામોરના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એસ. બી. ઘાસુરા અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે આરોપીને પકડી પાડવા સઘન તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ટીમે હ્યુમન સોર્સ તેમજ ટેકનિકલ એનાલિસિસનો ઝીણવટભર્યો ઉપયોગ કરી આરોપીનું ચોક્કસ લોકેશન શોધી કાઢ્યું હતું.

ચોક્કસ બાતમી અને લોકેશનના આધારે એ.એસ.આઈ. ઝહીર ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદિપસિંહ ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ચૌહાણ સહિતના કર્મચારીઓ સાથે પેરોલ ફર્લો સ્કવોડની ટીમે મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મલેકપુર ગામે પહોંચીને આરોપી સંજયસિંહ ઝાલાને સફળતાપૂર્વક ઝડપી લીધો હતો. આરોપીની અટકાયત કર્યા બાદ પેરોલ ફર્લો સ્કવોડે આગળની વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે તેને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેરને સોંપવાની તજવીજ હાથ ધરી છે.



# ડીજેના ટેમ્પોએ પાંચ વાહનોને ઉલાળ્યા : બાઈકચાલકનું મોત

## પારેવડી ચોકમાં, ભગવતીપરા પુલ પરથી પૂરપાટ ઝડપે ઉતરતા આઈસરની બ્રેક ફેલ થયાનો ચાલકનો દાવો, અન્ય બે ઈજાગ્રસ્તો સિવિલમાં ખસેડાયા, ભયાનક દુર્ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા




રાજકોટ તા. ૨૦

રાજકોટ શહેરના પારેવડી ચોક વિસ્તારમાં ભગવતીપરા પુલ નીચે એક અકસ્માત સર્જાયો હતો. પુલ પરથી પૂરપાટ ઝડપે નીચે ઉતરી રહેલા ડીજેના સામાન ભરેલા એક આઈસર ટેમ્પાના ચાલક નયન બાલા પરમારે સ્ટેરિંગ પરથી અચાનક કાબુ ગુમાવતા આગળ જઈ રહેલા પાંચ જેટલા વાહનોને અડફેટે લીધા હતા. આ ગોઝારી ઘટનામાં બેકાબૂ ટેમ્પાનું તોતિંગ ટાયર ફરી વળતા એક ૬૦ વર્ષીય વૃદ્ધ બાઈકચાલક અરુણભાઈ ભગવાનજીભાઈ શાહનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ સમગ્ર ભયાનક અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં બેકાબૂ બનેલો ટેમ્પો એક પછી એક એમ કુલ પાંચ વાહનોને જોરદાર ટક્કર મારતો સ્પષ્ટપણે જોઈ શકાય છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભગવતીપરા પુલ પરથી ધસી આવેલા આઈસર ટેમ્પાએ સૌથી પહેલા આગળ જતી એક રિક્ષા અને બાઈકચાલકને અડફેટે લીધા હતા અને ત્યારબાદ આગળ જઈ રહેલી અન્ય બે રિક્ષા અને એક કારને પણ જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈકચાલક અરૂણ નામના ૬૦ વર્ષીય વૃદ્ધ અરુણભાઈ ભગવાનજીભાઈ શાહનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. આ દુર્ઘટનામાં ૩૮ વર્ષીય ઈરફાન અલી તમીમી અને ૪૦ વર્ષીય પરેશ કેશવલાલ કુંડલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હાલ તેઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અકસ્માતનો ભોગ બનનાર પરેશ વાણિયાના જણાવ્યા મુજબ ટેમ્પાની કદાચ બ્રેક ફેલ થઈ ગઈ હોવાથી ડ્રાઈવરે વાહન પરથી સંપૂર્ણ નિયંત્રણ ગુમાવી દીધું હતું અને આ હોનારત સર્જાઈ હતી.

અકસ્માતની જાણ થતા જ પોલીસનો કાફલો ત્વરિત ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આઈસર ચાલકની અટકાયત કરી લીધી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચાલક દ્વારા બ્રેક ફેલ થઈ હોવાનો બચાવ કરવામાં આવી રહ્યો છે, જેથી પોલીસે ખરેખર બ્રેક ફેલ થઈ હતી કે કેમ તે જાણવા માટે આરટીઓ અધિકારીઓની મદદ લઈને તે દિશામાં પણ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. પોલીસે મૃતક અરૂણના ઓળખકાર્ડની વિગતો મેળવીને તેમના પરિવારજનોને જાણ કરવાની તજવીજ હાથ ધરી છે. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજ તેમજ પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# ઘાંચીવાડના આધેડનો આપઘાત

રાજકોટ, તા.૨૦

ઘાંચીવાડ, જિલ્લા ગાર્ડન પાસે રહેતા સુફરઅલી નામના આધેડે આજે એસીડ પીને જીંદગી ટૂંકાવી હોવાનો બનાવ એ ડીવીઝન પોલીસમાં નોંધાયો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, કોલકત્તા રહેતા પત્ની અને માતા સાથે કોઈ વાતની બોલાચાલી બાદ આધેડને લાગી આવતા પગલું ભરી લીધું હતું. દશાશ્રીમાળી હોસ્પિટલ પાછળની બિલ્ડીંગમાં સુલતાનભાઈની ગોલ્ડ મેન્યુફેક્ચરીંગ દુકાનમાં મજુરી કામ કરતા મૂળ કોલકત્તાના અને ૩ વર્ષથી રાજકોટમાં સગા-સંબંધીઓને ત્યાં રહીને જીવન જીવતા સુફરઅલી(ઉ.૪૫) પોતાના મજુરી સ્થળ વાળા બિલ્ડીંગની સીડી પાસે ઉભો રહીને ઉલટી કરતો હતો. ત્યારે સુલતાનભાઇએ પુંછતા પોતે એસીડ પી લીધું હોવાનું જણાવ્યું હતું. તેમને તાત્કાલિક સિવિલમાં ખસેડાયો હતો પણ હોસ્પિટલ પહોચે તે પહેલા જ તેમનું મૃત્યુ થયું હતું. મૃતકને એક દીકરો અને એક દીકરી છે. માતા અને પત્ની સાથે મોબાઈલ પર બોલાચાલી બાદ એસીડ પીને જીવન ટુંકાવ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ પી.જે.ઝાલાએ હાથ ધરી છે.

પેરોલ ફર્લો સ્ક્વોડે પેલેસ રોડ પરથી ઝડપી લીધો

# છેતરપીંડીના કેસમાં નાસતો ફરતો દ્વારકાનો મિલન પાટડિયા દબોચાયો



રાજકોટ, તા.૨૦

ક્રાઈમ બ્રાન્ચની પેરોલ ફર્લો સ્કવોડને મળેલી રાજકોટ શહેર પોલીસ કમિશનર અને અન્ય ઉચ્ચ અધિકારીઓની સુચના અન્વયે પી.આઈ. એમ.એલ. ડામોરના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એસ.બી. ઘાસુરા તથા તેમની ટીમે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઠગાઈ અને ગુનાહિત મદદગારીના કેસમાં ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે.

પોલીસ ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે ચોક્કસ બાતમી મેળવી હતી કે આ ગુનામાં સંડોવાયેલો આરોપી રાજકોટ શહેરના પેલેસ રોડ પર આવેલા મનમંદિર એપાર્ટમેન્ટ પાસે હાજર છે, જેના આધારે દરોડો પાડીને તેને દબોચી લેવામાં આવ્યો હતો.

પકડાયેલા શખ્સે પોતાનું નામ મિલન નરેન્દ્ર પાટડીયા હોવાનું અને તે મૂળ દ્વારકાના નાગેશ્વર રોડ પર આર.કે. નગરમાં પ્લોટ નં. ૬૯, મકાન નંબર ૧૭-એ ખાતે રહેતો હોવાનું સામે આવ્યું છે. આ આરોપી વિરુદ્ધ રાજકોટના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની કલમો મુજબ ગુનો નોંધાયેલો હતો અને તે ધરપકડથી બચવા પોલીસને હાથતાળી આપીને નાસતો ફરતો હતો. પેરોલ ફર્લો સ્ક્વોડે આરોપીની કાયદેસરની અટકાયત કરી આગળની વધુ તપાસ અને કાર્યવાહી માટે તેને એ ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** ચતુર્વેદી મચ્છુ કાંઠિયા મોઢ બ્રાહ્મણ મૂળ નસીતપર હાલ મુલુંડ મુંબઈ નિવાસી ભારતીબેન પ્રકાશભાઈ પંડ્યા (ઉ.૫૬ ) તે પ્રકાશભાઈ પંડ્યાના પત્ની, મૂળ કોટડાનાયાણી હાલ રાજકોટ નિવાસી સ્વ.ભગવાનજીભાઇ પંડ્યાના દીકરી, ગીતાબેન, અલકાબેન મધુબેનના નાનાબેન, મીનાબેન કુકમા, કોકિલાબેન, કિરીટભાઈ (જામનગર), સ્વ. મનોજભાઈ, મુકેશભાઈ(રાજકોટ), સ્વ. હસમુખભાઈ, જીતેશભાઇ(જામનગર)ના મોટાબેનનું તા. ૧૭ ના રોજ અવસાન થયું છે. તેમનું પિયરપક્ષનું બેસણું તા.૨૧ ને સોમવારે, સાંજે ૪થી ૫, ચતુર્વેદી મચ્છુ કાઠીયાવાડ મોઢ બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન, મિલપરા મેઈન રોડ-૧, રાજકોટ ખાતે છે.

### રાજકોટમાં કાયદો વ્યવસ્થા જાળવવા વિકએન્ડ ડ્રાઈવમાં ઠેકઠેકાણે પોલીસનું ચેકીંગ

# છરી સાથે, પીધેલા અને દારૂ સાથે ૨૬ ઝડપાયા

## છરી સાથે નવ, ડમડમ હાલતમાં તેર અને દારૂ સાથે ચાર ઝપટે ચડ્યા : વિવિધ આરોપીઓ સામે કુલ ૨૬ ગુના દાખલ કરવામાં આવ્યા

રાજકોટ, તા. ૨૦

શહેર પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ હાથ ધરાયેલા વિશેષ ચેકિંગ દરમિયાન છરી સાથે, દારૂ પીને વાહન ચલાવવા તેમજ ગેરકાયદેસર દારૂ રાખવા બદલ વિવિધ આરોપીઓ સામે કુલ ૨૬ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાંથી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગેરકાયદેસર રીતે છરી સાથે નીકળેલા કુલ ૯ શખ્સોને પોલીસે ઝડપી લીધા છે. જેમાં એ ડીવીઝન પોલીસ મથક હેઠળ જીલ્લા ગાર્ડન ચોક કોઠારીયા નાકા પોલીસ ચોકી બીટ પાસેથી રાજુ મોનમોત રોય (ઉ.વ.૪૨, રહે. રાજકોટ માંડવી ચોક પાસે, મૂળ રહે. પશ્ચિમ બંગાળ), આજીડેમ પોલીસ મથક હેઠળ ગોંડલ ચોકડી નેશનલ હાઈવે રોડ પરથી અરૂણભાઇ ઉમેશભાઇ પરમાર (ઉ.વ.૨૨, રહે. ગુલાબનગર શેરી નં.૨, કોઠારીયા, રાજકોટ), પ્રદ્યુમનનગર પોલીસ મથક હેઠળ પોપટપરા નાલા પાસે જાહેર રોડ પરથી ભીમાભાઇ ભાદાભાઇ સોલંકી (ઉ.વ.૫૦, રહે. પોપટપરા નાલા પાસે ઝુપડામાં, રાજકોટ) અને ગાંધીગ્રામ પોલીસ મથક હેઠળ બજરંગવાડી બીટ વિસ્તારમાંથી અર્જુનભાઇ અરવિંદભાઇ પરમાર (ઉ.વ.૩૪, રહે. ઠક્કરબાપા વાલ્મીકી વાસ શેરી નં.૮, સદર બજાર, રાજકોટ) ઝડપાયા છે. ઉપરાંત, ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ મથક વિસ્તારમાં કાલાવડ રોડ પરથી સુનીલભાઈ લક્ષ્મણભાઈ સનુરા (ઉ.વ.૩૨, રહે. સરીતા વિહારના પુલ પાસે, રાજકોટ), રૈયાધાર મેઈન રોડ પરથી સાગરભાઈ નાગજીભાઇ ધુરકા (ઉ.વ.૨૦, રહે. રૈયાધાર ચાર માળીયા, રાજકોટ) અને રૈયાધાર શાંતિનગર ગેટ પાસે રોડ પરથી મનોજભાઇ બાલનદરભાઇ ચૌહાણ-બેલદાર (ઉ.વ.૩૨, રહે. સોમનાથ સોસાયટી શેરી નં.૩, રાજકોટ) છરી સાથે પકડાયા છે. જ્યારે માલવીયાનગર વિસ્તારમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી શરીફભાઈ રહીમભાઈ ભાસ (ઉ.વ.૪૭, રહે. દેવનગર શેરી નં-૩, નાના મવા રોડ, રાજકોટ) તથા મવડી ચોકડી ખાતેથી રવીભાઇ પરસોતભાઇ ચૌહાણ (ખવાસ) (ઉ.વ.૩૬, રહે. સ્વામિનારાયણ પાર્ક શેરી નં-૩, મવડી, રાજકોટ), રાજકોટ તાલુકા પોલીસ મથક હેઠળ વાવડી ગામ મેઇન રોડ પરથી મનોજભાઈ મગનભાઈ પરમાર (ઉ.વ.૩૮, રહે. નવલનગર શેરી નં.૦૯, મવડી મેઇન રોડ, રાજકોટ) તથા કાલાવડ રોડ પરથી વિપુલભાઇ મધુભાઇ સોલંકી (ઉ.વ.૩૬, રહે. કણકોટ રોડ, રાજકોટ), બી ડીવીઝન હેઠળ ઠાકર ચોક પાસેથી આશિષભાઈ પ્રહલાદભાઈ દાલોદરા (ઉ.વ.૨૧, રહે. રાજકોટ) અને પારેવડી ચોક પાસેથી રાજેશભાઈ કાનજીભાઈ પનારા (ઉ.વ.૪૫, રહે. ભગવતીપરા, રાજકોટ) તથા એરપોર્ટ પોલીસ મથક હેઠળ સૂર્યા રામપરા ગામ પાસે રોડ પરથી વસીમભાઇ ઉર્ફે બાપુડી અબ્દુલભાઇ દીવાન (ઉ.વ.૪૦, રહે. સૂર્યા રામપરા ગામ, રાજકોટ) ગેરકાયદેસર છરી સાથે પકડાઈ જતા કાર્યવાહી હાથ ધરાઈ છે.



બીજી તરફ, દારૂ પીધેલી હાલતમાં વાહન હંકારી લોકોના જીવ જોખમમાં મુકનારા અને નશાની હાલતમાં રખડતા કુલ ૧૩ ઈસમો સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે. એ ડીવીઝન પોલીસ વિસ્તારમાં જીલ્લા ગાર્ડન ચોક કેનાલ રોડ પરથી સ્વિફ્ટ કાર (GJ-૦૩-PM-૯૨૧૧) લઈને નીકળેલા અફઝલ હારુનભાઇ રાઉમા (ઉ.વ.૨૬, રહે. ભગવતીપરા શેરી નં.૧૦, રાજકોટ) અને નશાની હાલતમાં રખડતા નવાબ મહેબુબભાઇ બુધીયા (ઉ.વ.૧૯, રહે. ભગવતીપરા) પકડાયા છે. બી ડીવીઝન વિસ્તારમાં પારેવડી ચોક ખાતેથી સુઝુકી એક્સેસ (GJ-૩૬-NL-૪૯૯૩) પર નીકળેલા વિજયભાઈ સવજીભાઈ પીપળીયા - પટેલ (ઉ.વ.૫૧, રહે. રાધિકાપાર્ક-૦૩, રાજકોટ) પકડાયા છે. ભક્તિનગર પોલીસ મથક હેઠળ સહકાર મેઇન રોડ પરથી એક્ટિવા (GJ-૦૩-ખઊં-૩૪૭૫) પર ભરતભાઇ નાગજીભાઇ પરમાર (ઉ.વ.૪૦, રહે. ગણેશ નગર, રાજકોટ), ગાયત્રી નગર રોડ પરથી પ્રકાશભાઈ બાલુભાઈ વાઢેળ (ઉ.વ.૨૬, રહે. ગ્રીન પાર્ક સોસાયટી, રાજકોટ), સોરઠીયાવાડી સર્કલ પાસેથી હીરો સ્પ્લેન્ડર (GJ-૧૦-DP-૪૭૧૧) પર હાસીમ હનીફભાઇ મકવાણા (ઉ.વ.૨૪, રહે. ઢેબર કોલોની, રાજકોટ) અને ગાયત્રી નગર રોડ પરથી વિજયભાઈ ભીખુભાઈ ચાવડા (ઉ.વ.૩૫, રહે. ગણેશ સોસાયટી, રાજકોટ) પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. આજીડેમ વિસ્તારમાં આજીડેમ ચોકડી પાસેથી ડિસ્કવર મોટરસાઇકલ (GJ-૦૩-DF-૯૫૩૧) પર દિપકકુમાર સંજયકુમાર રામ (કંસારા) (ઉ.વ.૨૪, રહે. ભારતનગર, રાજકોટ) ઝડપાયા છે. પ્રદ્યુમનનગર વિસ્તારમાં પોપટપરા મેઈન રોડ પરથી એક્સેસ (GJ-૦૩-FJ-૯૩૦૦) પર ધર્મેશભાઈ હેમુભાઈ વાહનેકીયા (ઉ.વ.૪૦, રહે. કિટ્ટીપરા આવાસ, રાજકોટ), રેલનગરથી સ્વિફ્ટ કાર GJ-૦૩-PJ-૪૬૬૩ પર દેવેન્દ્રભાઈ પીતાંબરભાઈ ખુહા (ઉ.વ.૨૬, રહે. રેલનગર, રાજકોટ) અને શ્મશાન પાસેથી વિવેક પ્રવીણભાઈ સોલંકી (ઉ.વ.૨૦, રહે. રેલનગર, રાજકોટ) દારૂ પીધેલી હાલતમાં પકડાયા છે. ગાંધીગ્રામ વિસ્તારમાં રંગ ઉપવન ગેટ સામેથી મોટર સાયકલ GJ-૦૩-LL-૭૫૭૪ પર હિતેશભાઇ વાલજીભાઇ વાઘેલા (ઉ.વ.૪૦, રહે. સદર બજાર, રાજકોટ) અને બાદલ નરશીભાઈ વાઘેલા (ઉ.વ.૪૦, રહે. શ્યામનગર-૦૩, રાજકોટ) પકડાયા હતા. ગાંધીગ્રામ-૨ (યુનિ.) વિસ્તારમાં રૈયાધાર ખાતેથી બજાજ બાઇક GJ-૦૩-BQ-૭૬૬૪ પર ધરમભાઇ રામબચન ચૌહાણ-બેલદાર (ઉ.વ.૨૯, રહે. સોમનાથ સોસાયટી, રાજકોટ) તેમજ માલવીયાનગર વિસ્તારમાં માયાણી ચોક પાસેથી એક્ટિવા GJ-૦૩-KN-૦૮૩૦ પર હીતેન્દ્રભાઇ ધર્મેશકુમાર સોલંકી (ઉ.વ.૨૮, રહે. આશોપાલ પાર્ક, રાજકોટ) દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવતા પકડાયા છે. આ ઉપરાંત રાજકોટ તાલુકા પોલીસ વિસ્તારમાં મોટા મવા સ્પીડવેલ ચોકમાંથી સ્પ્લેન્ડરવ GJ-૦૩-AC-૦૧૦ પર બુધ્ધીભાઇ નાગજીભાઇ વાઘેલા (ઉ.વ.૫૨, રહે. નવલનગર, રાજકોટ), ભીમનગર ચોક નજીકથી એક્ટિવા પર લલીતભાઇ લખમણભાઇ ચાવડા (ઉ.વ.૫૦, રહે. યુનિ. રોડ, રાજકોટ), સ્પીડવેલ ચોક પાસેથી હીરો ડીલક્સ GJ-૦૩-FN-૧૭૨૮ પર ભગવાનજીભાઇ જેરામભાઇ છાયા (ઉ.વ.૬૦, રહે. જીવરાજ પાર્ક, રાજકોટ) અને પાટીદાર ચોક ખાતેથી જાવા મોટર સાયકલ GJ-૧૦-ઉઉ-૦૬૦૨ પર કિશોરભાઇ મોહનભાઇ વાળા (ઉ.વ.૫૦, રહે. પાળ રોડ, રાજકોટ) પીધેલી હાલતમાં પકડાયા છે.

આ સિવાય પોલીસ ટીમે ચેકિંગ દરમિયાન દેશી તેમજ વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ અને હેરાફેરી કરતા કુલ ૪ આરોપીઓને પણ પકડી પાડ્યા છે. જેમાં બી ડીવીઝન પોલીસ વિસ્તારમાં શ્યામજી કૃષ્ણ વર્મા બગીચા પાસેથી અજયભાઈ છગનભાઈ મોરી - રાવળદેવ (ઉ.વ.૩૩, રહે. ભગીરથ સોસાયટી, સંતકબીર રોડ, રાજકોટ) ને ૩ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૬૦૦) સાથે ઝડપી લેવાયા છે. ભક્તિનગર પોલીસ મથક હેઠળ લલુડી વોકળી પાસેથી ભીખુભાઈ નારણભાઈ ઉનેવાળ (ઉ.વ.૪૪, રહે. પુષ્કરધામ એપાર્ટમેન્ટ, રાજકોટ) ૫ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૧,૦૦૦) સાથે પકડાયા છે. જ્યારે રાજકોટ તાલુકા પોલીસ મથક હેઠળ કાલાવાડ રોડ પરથી ચીરાગભાઈ જંયતીભાઈ પરમાર (ઉ.વ.૨૧, રહે. આંબેડકર નગર, રાજકોટ) વિદેશી દારૂના ૧ ચપલા (કિં. રૂ. ૧૪૦) સાથે, કોઠારીયા રસુલપરા પાસેથી મનોજભાઇ જયેશભાઇ શુકલા (ઉ.વ.૩૨, રહે. ગોકુલધામ મેઇન રોડ, રાજકોટ) ૪ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૮૦૦) સાથે તેમજ સ્પીડવેલ ચોક પાસેથી અજયભાઈ પમાભાઈ કટારીયા (ઉ.વ.૪૫, રહે. મેટોડા જીઆઈડીસી, રાજકોટ) ૧૫ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૩,૦૦૦) ના જથ્થા સાથે પકડાઈ જતા ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### લોકઅપમાં ન રાખવા-જામીન માટે ૧૦,૦૦૦ ની લાંચ માંગી'તી

# આજીડેમ પોલીસના ASI-GRD જવાનને દબોચતી ACB

## રાજકોટ ગ્રામ્ય ACBના PI મહેન્દ્રસિંહ રાણા સહિતને ટીમને સફળતા : લાંચિયા બાબુઓમાં ફફડાટ



રાજકોટ, તા.૨૦

રક્ષક જ ભક્ષક બને તેવી વધુ એક ઘટના રાજકોટ શહેરમાં સામે આવી છે. રાજકોટમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ લાંચ રૂશ્વત વિરોધી શાખા દ્વારા એક મોટી અને સફળ કાર્યવાહી કરવામાં આવી છે. આજી ડેમ પોલીસ ચોકીના એક આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને એક ગ્રામ્ય રક્ષક દળના જવાનને એક જાગૃત નાગરિક પાસેથી ૧૦,૦૦૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. કાયદાના રક્ષકો જ જ્યારે કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા હતા, ત્યારે એ.સી.બી.ની કાર્યવાહીથી પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જાગૃત નાગરિક તરીકે પોતાની ફરજ નિભાવનાર ફરિયાદીએ તેમની વિરુદ્ધ રાજકોટ શહેરના આજી ડેમ પોલીસ સ્ટેશનમાં એક ફરિયાદ નોંધાયેલી હતી. આ કેસની તપાસની સંપૂર્ણ જવાબદારી આજી ડેમ પોલીસ ચોકીના એ.એસ.આઈ. રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ સામતભાઈ મેર પાસે હતી.

પોલીસ તપાસ દરમિયાન ફરિયાદીને જેલ કે લોકઅપમાં ન ધકેલવા અને તેમની જામીન પ્રક્રિયામાં કોઈ વિઘ્ન ન આવે તથા તે ઝડપથી પતાવી દેવા માટે તપાસ અધિકારી એ.એસ. આઈ. રાજેશ મેરે સત્તાનો દુરુપયોગ કરી અવેજ પેટે ૧૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી.



વધુમાં, આ લાંચની રકમ સીધી પોતાના હાથમાં લેવાના બદલે વચેટિયા તરીકે ચોકીના જ જી.આર.ડી. જવાન મનોજ બાબુ ચૌહાણને આપી દેવા માટે સુચના આપવામાં આવી હતી.

ફરિયાદી કોઈપણ સંજોગોમાં આ ભ્રષ્ટ અધિકારીઓને લાંચ આપવા માંગતા ન હતા. તેઓ કાયદાકીય પ્રક્રિયામાં માનતા હોવાથી અને લાંચિયા અધિકારીઓને પાઠ ભણાવવા માંગતા હોવાથી, તેમણે સીધો જ લાંચ રૂશ્વત વિરોધી શાખા (એ.સી.બી.) નો સંપર્ક કર્યો હતો. તેમણે એ.સી.બી. ના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર કોલ કરી સમગ્ર હકીકત જણાવીને સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મળતાની સાથે જ રાજકોટ ગ્રામ્ય એ.સી.બી. પોલીસ સ્ટેશનના પીઆઈ મહેન્દ્રસિંહ એન. રાણા અને તેમની ટીમે લાંચિયા બાબુઓને રંગેહાથ પકડવા માટે એક સચોટ ટ્રેપનું આયોજન કર્યું હતું.આજે તારીખ ૨૦/૦૯/૨૦૨૬ ના રોજ આજી ડેમ પોલીસ ચોકીના ગેટની સામે, ટ્રાફિક ભવન પૂર્વ વિભાગના કેમ્પસમાં છટકું ગોઠવવામાં આવ્યું હતું. નક્કી થયા મુજબ, ફરિયાદી લાંચની રકમ આપવા પહોંચ્યા હતા. જી.આર.ડી. જવાન મનોજ ચૌહાણે એ.એસ.આઈ. વતી લાંચના ૧૦,૦૦૦ સ્વીકાર્યા, તે જ ક્ષણે આસપાસ ગોઠવાયેલી એ.સી.બી. ની ટીમે ત્રાટકીને તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. સ્થળ પરથી જ લાંચની રોકડ રકમ રિકવર કરવામાં આવી હતી.

સફળ ઓપરેશનમાં રાજેશ ઉર્ફે રાજુ સામતભાઈ મેર (ઉં.વ. ૫૩) -એ.એસ. આઈ., આજી ડેમ પોલીસ ચોકી, તેમજ મનોજ બાબુભાઈ ચૌહાણ (ઉં.વ. ૩૧) - જી.આર.ડી., આજી ડેમ પોલીસ ચોકીની ધરપકડ કરીને એ.સી.બી. દ્વારા બંને વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની અને રિમાન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીને પગલે ભ્રષ્ટાચાર આચરતા અન્ય અધિકારીઓમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે. એ.સી.બી. દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો કોઈ સરકારી અધિકારી કે કર્મચારી લાંચની માંગણી કરે તો અચકાયા વિના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.



### તમારા ઘરમાં નડતર છે એટલે તમારા પૌત્રના લગ્ન થતાં નથી કહી લાલચ આપી

# વિધિના નામે 'ઢોંગી બાપુ'ની ૫.૫૬ લાખની ઠગાઈ

## વશીકરણ અને નડતર દૂર કરવાના નામે તાંબાના લોટાની વિધિ રચી મોરબીના નિલેષગર બાવાજીએ રાજકોટના વૃદ્ધ સાથે આચરી છેતરપિંડી : તાલુકા પોલીસમા ફરિયાદ



રાજકોટ તા. ૨૦

રાજકોટ શહેરના કોસ્મો પ્લસ એપાર્ટમેન્ટમાં નિવૃત્ત જીવન ગાળતા ૭૬ વર્ષીય અમૃતલાલ છગનલાલ ધુલીયા સાથે પૌત્રના લગ્નની લાલચ આપી રૂ. ૫,૫૬,૭૧૩ની કિંમતના ૧૪૬.૪૩૦ ગ્રામ સોનાના દાગીનાની છેતરપિંડી થવાનો કિસ્સો સામે આવ્યો છે. અમૃતલાલ પોતાના ૨૨ વર્ષીય પૌત્ર સુજલના લગ્ન માટે કન્યા શોધી રહ્યા હતા ત્યારે તેમના ગુરૂ અમુભારથી મારફતે મોરબીના શકત શનાળા ખાતે મહાકાળી માતાજીના મંદિરના પૂજારી નિલેષગર મોતીગર બાવાજીનો સંપર્ક થયો હતો. નિલેષગરે અસ્મીતા નામની યુવતીનો ફોટો મોકલી લગ્નની વાત ચલાવી હતી અને પરિવારનો વિશ્વાસ જીતવા માટે પોતે રૂબરૂ આવી ઘરની મુલાકાત પણ લીધી હતી.

ત્યારબાદ કન્યાના માતાની બીમારી અને બાદમાં અવસાનનું બહાનું બતાવી લગ્નમાં વિલંબ કરવામાં આવ્યો હતો. આ જ ગાળામાં અસ્મીતાના મામા માનતા નથી અને ઘરમાં નડતર છે તેવું કહીને નિલેષગરે ઘરમાં રહેલા સોનાના દાગીનાનું વશીકરણ કરી વિધિ કરવી પડશે તેવી જાળ બીછાવી હતી. અમૃતલાલ અને તેમના પત્ની મંજુલાબેન તેની વાતોમાં આવી ગયા હતા અને તબક્કાવાર અલગ-અલગ ત્રણ દિવસે નિલેષગર તેમના ઘરે આવ્યો હતો. તેણે પુત્રવધૂ તથા પત્નીના સોનાના દાગીના મંગાવી લાલ, કાળા અને ગુલાબી કાપડમાં મૂકી અમૃતલાલ પાસે જ સંચાથી સિવડાવી લીધા હતા. ત્યારબાદ તાંબાના પાણી ભરેલા લોટા પર ઘઉંના લોટનું થેપલું ચોંટાડી, તેની ઉપર દાગીના વાળી પોટલી મૂકી કાળા કપડાથી બાંધીને ઘરના માળિયા પર મુકાવી દીધી હતી.

**પોલીસ ફરિયાદ નોંધાઈ**

આ રીતે ચતુર પૂજારીએ ત્રણ વખત વિધિ કરીને સોનાની હાંસડી, બુટીયા, ૪ બંગડી, મંગળસૂત્ર, રૂદ્રાક્ષની માળા, ચેઇન અને તુલસીની માળા સહિત કુલ ૧૪૬.૪૩૦ ગ્રામ સોનાના દાગીના હડપ કરી લીધા હતા. પૂજારીએ આ જુલાઈ મહિનાના અંત સુધીમાં દાગીના અને કન્યાને લઈને આવવાની ખાતરી આપી હતી, પરંતુ જુલાઈના અંતમાં શંકા જતાં અમૃતલાલે માળિયા પરથી ત્રણેય લોટા નીચે ઉતારીને કાપડ ખોલીને જોતાં અંદરથી તમામ દાગીના ગાયબ મળ્યા હતા. છેતરપિંડીનો ભાસ થતાં તેમણે નિલેષગરનો ફોન પર સંપર્ક કર્યો હતો, પરંતુ તે બહાના બતાવતો હતો. આખરે વારંવારના બહાનાઓથી કંટાળીને અમૃતલાલે પોતાની સાથે થયેલી ઠગાઈ અંગે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં નિલેષગર મોતીગર બાવાજી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેના આધારે એ.એસ.આઈ. કે.પી. સાગરે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### બ્રેકઅપનો ખાર રાખી પ્રેમી યુવતીના ઘરમાં ઘૂસ્યો

# ઈન્ફ્લુએન્સર યુવતીએ સંબંધ તોડી નાખતા ધમકી

## માંગરોળના જતિન પરમારે ઘરે આવી ધમકી આપીઃ ભાઈ જાગી જતાં શખ્સ નાસી છૂટ્યોઃ આજીડેમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

રાજકોટ, તા.,૨૦

શહેરના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતી અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તરીકે કામ કરતી ૨૦ વર્ષીય યુવતીના ઘરમાં અનધિકૃત રીતે ઘૂસી જઈ, પૂર્વપ્રેમીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો બનાવ સામે આવ્યો છે. બ્રેકઅપનો ખાર રાખી યુવતીના ઘરે પહોંચેલા યુવકે ધમકી આપતાં આખરે સમગ્ર મામલે આજીડેમ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, કોઠારીયા સોલવન્ટમાં હરિદ્વાર સોસાયટી શેરી નં. ૩માં પરિવાર સાથે રહેતી અને ઈન્ફ્લુએન્સર તરીકે કામ કરતી ઈશાબેન થરેસા (ઉ.વ. ૨૦) નામના યુવતીએ આજીડેમ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં માંગરોળ (જી. જૂનાગઢ) ના જતિન મનસુખભાઈ પરમાર સામે આરોપ લગાવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, યુવતી અગાઉ અમદાવાદ ખાતે એક કંપનીમાં ઈ-કોમર્સનું કામ કરતી હતી ત્યારે ઈન્સ્ટાગ્રામ મારફતે જતિન પરમાર સાથે સંપર્ક થયો હતો. બાદમાં બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. દરમિયાન ગત તા. ૨૬/૭ના રોજ યુવતીએ જતિનનો



મોબાઈલ ફોન ચેક કરતાં અન્ય યુવતી સાથેના અંગત મેસેજ મળી આવ્યા હતા. આ બાબતે પૂછપરછ બાદ યુવતીએ જતિન સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા અને રાજકોટ પોતાના ઘરે પરત આવી તેને બ્લોક કરી દીધો હતો.

દરમિયાન ગત સત્તરમીના રોજ સવારે સાડા નવેક વાગ્યાના સુમારે યુવતી ઘરે એકલી હતી ત્યારે જતિન પરમાર પરાણે ઘરમાં ઘૂસી આવ્યો હતો. તેણે યુવતીને ધમકાવતા કહ્યું હતું કે, ‘‘તું મારી સાથે સંબંધ રાખ અને જો તું બીજા કોઈ સાથે લગ્ન કરીશ તો સારું નહીં થાય, હું તને અને સામાવાળા છોકરાને જીવથી મારી નાખીશ.‘‘

આ વેળાએ રૂમમાં સુતેલો યુવતીનો ૧૮ વર્ષીય ભાઈ જીત અવાજ સાંભળીને જાગી જતાં જતિન ત્યાંથી ભાગી છૂટ્યો હતો. સાંજે માતા-પિતા ઘરે આવ્યા બાદ યુવતીએ આપવીતી જણાવતા આખરે પિતા સાથે પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે આજીડેમ પોલીસ મથકના પીએસઆઈ ડી.કે. ધાંધલાએ ગુનો નોંધી આરોપી જતિન પરમાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### છૂટાછેડા લીધા બાદ પણ પૂર્વ પતિનો ત્રાસ
### રાત્રિના સમયે ઘરે આવી હંગામો મચાવ્યો

# હવે તને ક્યાંય રહેવા નહીં દઉં છરીના ઘાથી મારી નાખીશ

## ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર વોઈસ મેસેજ મોકલી ગાળો ભાંડીઃ પ્રદ્યુમન નગર પોલીસ મથકે ફરિયાદ



રાજકોટ તા. ૨૦

શહેરના પોપટપરા વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય મહિલાને છૂટાછેડા લીધા બાદ પણ તેનો પૂર્વ પતિ અવારનવાર ફોન તથા સોશિયલ મીડિયા મારફતે ધમકાવી ત્રાસ આપતો હોવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. ’તને છરીના ઘોદા મારી જાનથી મારી નાખીશ’ તેવી ધમકીઓ આપી રાત્રિના સમયે ઘરે આવી હંગામો મચાવનાર શખ્સ સામે પ્રદ્યુમન નગર પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

જાણવા મળતી વિગતો અનુસાર, પીડિતાના પ્રથમ લગ્ન બાદ પંદરેક વર્ષે છૂટાછેડા થતાં તેઓ પોતાના બે સંતાનો સાથે રાજકોટ આવીને રહેતા હતા. આશરે સાતેક વર્ષ પહેલાં ઈન્સ્ટાગ્રામ મારફતે તેમની ઓળખાણ રાજકોટના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતા સોહીલ રફાઈ સાથે થઈ હતી. ત્યારબાદ બંનેએ લગ્ન કર્યા હતા અને તેમને ચાર વર્ષનો એક પુત્ર પણ છે.

પરંતુ, સોહીલ રફાઈ દારૂ પીવાની ટેવ ધરાવતો હોય અને અવારનવાર ઘરમાં ઝઘડા કરી પીડિતાના અગાઉના પતિના બાળકોને સાથે રાખવાની ના પાડતો હતો. આ કંટાળીને આશરે ૧૫ દિવસ પહેલાં જ બંનેએ નોટરી લખાણ કરી વિધિવત છૂટાછેડા લીધા હતા.

છૂટાછેડા થઈ ગયા હોવા છતાં, આરોપી સોહીલ રફાઈ પીડિતાને અવારનવાર ફોન કરીને પરેશાન કરતો હતો. પીડિતા તેના ફોન ન ઉપાડે તો વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ પર વોઈસ મેસેજ મોકલી અસભ્ય ગાળો આપતો હતો. એટલું જ નહીં, ‘‘હવે તું બહાર નીકળ, તને છરીના ઘા મારી જાનથી મારી નાખીશ અને તને ક્યાંય રહેવા નહીં દઉં‘‘ તેવી ગંભીર ધમકીઓ આપતો હતો.

દરમિયાન ગત તારીખ અગિયારના રોજ રાત્રિના આશરે એક વાગ્યાના સુમારે આરોપી સોહીલ પીડિતાના ઘરે પહોંચી ગયો હતો અને બહાર ઉભા રહીને બોલાચાલી તથા ગાળાગાળી કરવા લાગ્યો હતો. જેથી પીડિતાએ ઘરનો દરવાજો અંદરથી બંધ કરી દેતાં આરોપી ત્યાંથી ભાગી ગયો હતો.

અંતે પૂર્વ પતિના સતત માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીઓથી કંટાળીને પીડિતાએ પોલીસ સ્ટેશન પહોંચી આપવીતી વર્ણવી હતી. બનાવ અંગે પ્રદ્યુમન નગર પોલીસ મથકના પીએસઆઈ કે.કે. ચાવડાએ આરોપી સોહીલ રફાઈ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### રાજકોટમાં વધુ એક ઓનલાઈન છેતરપીંડી થઈ ગઈ

# ‘mParivahan’ના નામે વેપારી સાથે ૮.૧૨ લાખનું ફ્રોડ

## બોગસ એપીકે લિંક મોકલી રૂપિયા પડાવ્યા : વાહનની માહિતી દર્શાવી મોકલેલી લિંક ઓપન કરતાં જ વેપારીનો મોબાઈલ હેક થયોઃ ૨ બેંક એકાઉન્ટ અને ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરી રકમ તારવી લેવાઈઃ સાયબર ક્રાઈમ મથકે ગુનો દાખલ

રાજકોટ તા. ૨૦

શહેરમાં સાયબર ફ્રોડની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે ૧૫૦ ફટ રીંગ રોડ પર મુંજકા વિસ્તારમાં રહેતા અને પેકેજિંગ ફિલ્મનો વેપાર કરતા યુવાન વેપારીને ‘mParivahan’ ને લગતી બોગસ APK ફાઈલની લિંક મોકલી, મોબાઈલ હેક કરીને બેંક એકાઉન્ટ તેમજ ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂ. ૮.૧૨ લાખની ઓનલાઈન ઠગાઈ આચરવામાં આવી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં વિધિવત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર, મુંજકા વિસ્તારમાં અયોધ્યા નગરી પાસે આવેલા પ્રશાંતિ ફ્લેટ (એ-૪૦૩) માં પરિવાર સાથે રહેતા અને પેકેજિંગ ફિલ્મ ટ્રેડિંગનો ધંધો કરતા વિમલભાઈ રમેશભાઈ ચનીયારા (ઉ.વ. ૩૩) નામના વેપારીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે આવી ઓનલાઈન છેતરપિંડી અંગે લેખિત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ વિમલભાઈના વોટ્સએપ નંબર પર એક અજાણ્યા આંતરરાષ્ટ્રીય નંબર (+૧ ૫૫૫ ૩૨૫-૧૧૫૬) પરથી ‘Motor Manager’ ના નામે મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં વિમલભાઈની માલિકીની ગાડીનો સાચો રજિસ્ટ્રેશન નંબર GJ-૦૩-ક્ક-૦૯૪૦ દર્શાવવામાં આવ્યો હતો. પોતાના વાહનની વિગતો સાચી હોવાથી વિમલભાઈને વાહન સંબંધિત કોઈ કામગીરી કે જરૂરી માહિતી હશે તેમ લાગ્યું હતું.

આ પછી એપીકે લિંક બંધ કરી છતાં મોબાઈલ હેક થઈ ગયો હતો. મેસેજની સાથે એક અજાણી લિંક નેક્સ્ટ જેન એમપરિવહન એપીકે મોકલવામાં આવી હતી. વિમલભાઈએ આ લિંક પર ક્લિક કર્યું પરંતુ તે જ સમયે અન્ય વ્યક્તિનો ફોન આવતાં તેમણે સ્ક્રીન બંધ કરી દીધી હતી. જોકે, ત્યાં સુધીમાં હેકર્સે તેમના મોબાઈલનો એક્સેસ મેળવી લીધો હતો. બીજા જ દિવસે વિમલભાઈના ફોનમાં




બેંક અને વિવિધ સેવાઓના ૫૦ થી ૬૦ જેટલા જાહેરાત સંબંધિત ઘઝઙ મેસેજ આવવા લાગ્યા હતા. તે સાથે બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૮.૧૨ લાખ ઉપડી ગયા હતાં.

ત્યારબાદ વિમલભાઈના બેંક એકાઉન્ટ્સમાંથી અનધિકૃત ટ્રાન્ઝેક્શન થવાના મેસેજ આવવાનું શરૂ થયું હતું. સાયબર તસ્કરોએ તેમની જાણ બહાર યસ બેન્કના ખાતામાંથીઃ રૂ. ૪૯,૦૦૦ અને કોટક મહિન્દ્રા બેંકના ખાતામાંથી રૂ. ૫,૬૫,૫૭૯ તેમજ યસ બેંકના ક્રેડિટ કાર્ડમાંથીઃ રૂ. ૧,૯૮,૦૦૦

આમ, અલગ-અલગ બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડ મારફતે કુલ રૂ. ૮,૧૨,૫૭૯ની માતબર રકમ અન્ય અજાણ્યા ખાતાઓમાં ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી.

હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ બાદ પોલીસ કાર્યવાહી કરવામાં આવી છે. પોતાની સાથે ઠગાઈ થઈ હોવાની જાણ થતાં જ વિમલભાઈએ તત્કાલિક નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ઓનલાઈન અરજી નોંધાવી હતી. પ્રાથમિક તબક્કે ક્રેડિટ કાર્ડના ફ્રોડ અંગેની અરજી ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશન ખાતે ગઈ હતી, પરંતુ બંને બનાવો એક જ લિંક અને એક જ પ્રકારની મોડસ ઓપરેન્ડી સાથે સંકળાયેલા હોવાથી ગાંધીગ્રામ-૨ ની અરજી પણ સાયબર ક્રાઈમ મથકે ટ્રાન્સફર કરવામાં આવી હતી.

આ બનાવ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.કે. ઝાલાએ વોટ્સએપ નંબર +૧ (૫૫૫) ૩૨૫-૧૧૫૬ ના વપરાશકર્તા, APK લિંક મોકલનાર તેમજ ટ્રાન્ઝેક્શનથી લાભાર્થી બનેલા તમામ ખાતાધારકો સામે ગુનો નોંધી ટેકનિકલ એનાલિસિસના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

### વ્યાજખોરોના ત્રાસથી વેપારી ત્રસ્તઃ ૨ કરોડની લોન બાદ દેવામાં ડૂબેલા કારખાનેદારને ધમકી

# પંદર લાખ વ્યાજ વસૂલ્યુ છતાં ધરાયા નહિ

## ગાડીઓ, કોરા ચેક પડાવી લઈ જાનથી મારી નાખવાની ધમકી આપીઃ બે વ્યાજખોરો સામે રાજકોટ ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ



રાજકોટ તા. ૨૦

શહેરમાં વ્યાજખોરીનો વધુ એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગોંડલ રોડ પર પાવડર કોટિંગનો બિઝનેસ કરતા વેપારીને નાણાકીય તંગી બાદ વ્યાજે લીધેલા રૂપિયા સામે ઊંચું વ્યાજ ચૂકવવા છતાં, ગાડીઓ અને કોરા ચેકો પછડાટથી પડાવી લઈ ધાક-ધમકી આપનારા બે વ્યાજખોરો સામે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ મથકે ગુનો નોંધાયો છે.

મળતી વિગતો અનુસાર, રાજકોટના ગોંડલ રોડ પર આવેલા શિવનગરમાં રહેતા અને એસ.ટી. વર્કશોપ પાછળ ’શ્રી ગણેશ પાવડર કોટીંગ’ નામનું કારખાનું ધરાવતા પંકજભાઈ વજુભાઈ વાઘેલા (ઉ.વ. ૪૫) એ આંગણે વ્યાજખોરી અંગે ક્રાઈમ બ્રાન્ચમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૦૯થી ભાગીદારીમાં કારખાનું ચલાવતા પંકજભાઈના ભાગીદાર ૨૦૨૧માં છૂટા થતાં નાણાકીય અછત ઊભી થઈ હતી. આથી તેમણે બેંકમાંથી ૨ કરોડની લોન લીધી હતી, જેનો માસિક રૂ. ૩.૧૭ લાખનો હપ્તો આવતો હતો. હપ્તા ભરવામાં આર્થિક તંગી સર્જાતાં તેમણે મિત્ર વર્તુળ મારફતે અર્જુનભાઈ આયદાનભાઈ દાવેરાનો સંપર્ક કર્યો હતો. અર્જુને તેના મિત્ર જયદીપ બોરીચા પાસેથી રૂ. ૪.૭૫ લાખ વ્યાજે અપાવ્યા હતા. તેના બદલામાં પંકજભાઈની કાર ૠઉં-૦૩-ખઇ-૬૮૬૩નો વેચાણ કરાર કરાવી કાર અને ICICI બેંકના ૧૦ કોરા ચેક લઈ લીધા હતા.

પંકજભાઈ દર મહિને રૂ. ૫૦,૦૦૦ વ્યાજ આપતા હતા. સાતેક મહિના વ્યાજ ચૂકવ્યા બાદ એક-બે મહિના વ્યાજના નાણાં ન ચૂકવાતાં અર્જુન દાવેરા કારખાનેથી પંકજભાઈની ક્વોલિસ કાર ૠઉં-૦૩-ઉઉ-૮૧૬૧ પણ બળજબરીથી લઈ ગયો હતો. વ્યાજ અને મુદ્દલની ઉઘરાણી માટે અર્જુને પંકજભાઈ તથા તેમના પત્ની નિશાબેનને ઘરે આવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ઉપરાંત, વર્ષ ૨૦૨૨ માં પંકજભાઈએ ચંદ્રેશ ઉર્ફે દેવાભાઈ કાનજીભાઈ પટેલ (મોલીયા) પાસેથી ૩ ટકા વ્યાજે રૂ. ૧૫ લાખ લીધા હતા. જેની સામે ચંદ્રેશ પટેલે રૂ. ૨૫ લાખનું લખાણ કરાવી સેવિંગ્સ અને કરંટ એકાઉન્ટના ૧૦ કોરા ચેક લઈ લીધા હતા. દર મહિને રૂ. ૪૫,૦૦૦ લેખે પંકજભાઈએ રૂ. ૧૫.૩૦ લાખ વ્યાજ પેટે ચૂકવી દીધા હોવા છતાં ચંદ્રેશ પટેલે વધુ વ્યાજ અને મુદ્દલની ઉઘરાણી કરી હેરાન-પરેશાન કરવાનું શરૂ કર્યું હતું.

વ્યાજખોરોની ધમકી અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે પંકજભાઈએ ધમકીઓના ઓડિયો રેકોર્ડિંગ સાથે પોલીસ કમિશનર ક્રાઈમ બ્રાન્ચને અરજી આપી હતી. જે આધારે રાજકોટ ડીસીબી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એન. પરમારે અર્જુન આયદાનભાઈ દાવેરા અને ચંદ્રેશ ઉર્ફે દેવાભાઈ કાનજીભાઈ મોલીયા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જનરલ બોર્ડમાં ભાજપના જ કોર્પોરેટરોએ અધિકારીઓને હંફાવ્યા

# શહેરમાં ગેરકાયદે બાંધકામોની ભરમાર

### નોટીસો ફાટી ગઈ પણ બુલડોઝર શા માટે શાંત? : હજારો નોટીસો ઇશ્યૂ અને ડિમોલિશનના નામે માત્ર 'મીંડું'! તંત્રની રહેમરાહે ગેરકાયદે બાંધકામો ફૂલ્યા-ફાલ્યા

રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનિંગ શાખાની કામગીરી અને ગેરકાયદે બાંધકામો સામેની ઝુંબેશ માત્ર કાગળ પરનો દેખાડો બનીને રહી ગઈ છે. ટાઉન પ્લાનરશ્રીની નિમણૂંક થયા બાદ શહેરના વેસ્ટ, સેન્ટ્રલ અને ઈસ્ટ ઝોનમાં ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ જી.પી.એમ.સી. એક્ટની કલમ ૨૬૦(૧), ૨૬૭ અને ૨૬૦(૨) હેઠળ સેંકડો નોટીસો અને સ્પીકિંગ ઓર્ડર ફટકારવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે નોટીસોની સરખામણીએ વાસ્તવિક ડિમોલિશનની કામગીરી નગણ્ય રહી છે. વેસ્ટ ઝોનમાં ૨૦૧ નોટીસો સામે માત્ર ૪૨ બાંધકામો પાડવામાં આવ્યા, જ્યારે સેન્ટ્રલ ઝોનમાં તો ૧૨૪ નોટીસો આપ્યા પછી માત્ર ૪ જ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફર્યું છે. ઈસ્ટ ઝોનમાં પણ ૨૨૫ નોટીસો સામે ૧૪૯ ડિમોલિશન કરાયા છે. આ આંકડાઓ જ સાબિત કરે છે કે અધિકારીઓ નોટીસો આપીને સંતોષ માની લે છે અને ત્યારબાદ કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.

બીજી તરફ વિકાસ પરવાનગી અને ભોગવટા પરવાનગી (BU Permission) આપવામાં પણ ભારે લોલમલોલ ચાલી રહી હોવાનું સામે આવ્યું છે. ત્રણેય ઝોન મળીને ૨૩૦૦થી વધુ વિકાસ પરવાનગીની અરજીઓ ના-મંજૂર કરી દેવામાં આવી છે, છતાં પણ સ્થળ પર આ બાંધકામો અટકાવવામાં તંત્ર સાવ નિષ્ફળ નીવડ્યું છે. તેવી જ રીતે ભોગવટા પરવાનગી વગર જ બિલ્ડિંગોનો વપરાશ શરૂ થઈ ગયો હોવા છતાં મનપાનું પેટનું પાણી પણ હલતું નથી. સુપ્રીમ કોર્ટ દ્વારા ગેરકાયદે બાંધકામો રોકવા માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હોવા છતાં તેનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. આ તમામ ગેરરીતિઓ વચ્ચે ત્રણેય ઝોનના અધિકારીઓ પૈકી એક અધિકારી સામે ગંભીર ફરિયાદો ઉઠતા હાલ તપાસ પણ ચાલી રહી છે. આ બતાવે છે કે ટાઉન પ્લાનિંગ શાખામાં મોટા પાયે અંધેરનગરી અને ગંડુરાજા જેવો ઘાટ સર્જાયો છે અને તંત્રની રહેમરાહે જ શહેરમાં ગેરકાયદે બાંધકામો ફૂલી-ફાલી રહ્યા છે.




### ભોગવટા પરવાનગીની સ્થિતિ અને અધિકારી સામે તપાસ

બાંધકામોની ભોગવટા પરવાનગી માટે શહેરમાંથી કુલ ૪,૫૮૯ અરજીઓ આવી હતી. જેમાંથી ૪,૪૯૭ અરજીઓ મંજૂર કરાઈ છે અને માત્ર ૨૦ અરજીઓ ના-મંજૂર થઈ છે. આ સમગ્ર કામગીરી વચ્ચે, નિમણૂંક પામેલા ત્રણ ટાઉન પ્લાનર અધિકારીઓ પૈકી એક અધિકારી સામે અગાઉ ફરિયાદ નોંધાયેલી હોય હાલ તેમની સામે તપાસ ચાલુ હોવાનું સામે આવ્યું છે.

### ગેરકાયદે બાંધકામો સામે કડક ઝુંબેશ અને ડિમોલિશન

રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ગેરકાયદેસર બાંધકામો સામે કલમ ૨૬૦(૧), ૨૬૦(૨) અને ૨૬૭ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં વેસ્ટ ઝોનમાં ૨૦૧, સેન્ટ્રલ ઝોનમાં ૧૨૪ અને ઈસ્ટ ઝોનમાં ૨૨૫ નોટીસ તથા સ્પીકિંગ ઓર્ડર આપવામાં આવ્યા છે. આ ઝુંબેશ અંતર્ગત વેસ્ટ ઝોનમાં ૪૨, સેન્ટ્રલ ઝોનમાં ૪ અને ઈસ્ટ ઝોનમાં ૧૪૫ ગેરકાયદે બાંધકામો પર ડિમોલિશન ફેરવી દેવામાં આવ્યું છે.

### વિકાસ પરવાનગી માટેની ૯,૫૦૦થી વધુ અરજીઓનો નિકાલ

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામોની વિકાસ પરવાનગી મેળવવા માટે વેસ્ટ, સેન્ટ્રલ, ઈસ્ટ અને ટી.ડી.ઓ. વિભાગમાં કુલ ૯,૮૯૦ અરજીઓ મળી હતી. જેમાંથી તંત્ર દ્વારા ૮,૩૩૩ અરજીઓને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે ૨,૩૭૮ અરજીઓ ના-મંજૂર કરવામાં આવી છે. ઈસ્ટ ઝોનમાં સૌથી વધુ ૧,૧૦૦ અરજીઓ ના-મંજૂર થઈ છે.

---

કાગળ પર 'મેગા ડ્રાઈવ' અને જમીન પર કબ્જા!

## જનરલ બોર્ડમાં હંગામો થયા પછી જ મનપાનું તંત્ર કેમ જાગે છે?

### ત્રણ-ત્રણ બોર્ડથી એક જ પ્રશ્ન ; નગરસેવકોની રજૂઆતો છતાં તંત્ર ઘોરીને પી ગયું, હવે ચોમાસા પછી કાર્યવાહી કરવાનો આદેશ કરતા મ્યુ. કમિશ્નર

રાજકોટ, તા. ૨૦

મહાપાલિકાના કરોડો રૂપિયાના કિંમતી પ્લોટો પર ભૂમાફિયાઓ અને અસામાજિક તત્વો દ્વારા ખુલ્લેઆમ થઈ રહેલા ગેરકાયદે દબાણો અને બાંધકામો સામે તંત્રનું મૌન હવે ઘોર બેદરકારી અને કારોબારી ઢીલાશની ચરમસીમા બતાવી રહ્યું છે, કારણ કે જ્યારે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જનરલ બોર્ડમાં વારંવાર બૂમો પાડે અને આક્રોશ ઠાલવે ત્યારે જ મ્યુનિસિપલ કમિશનરને બાબતની ગંભીરતા સમજાય છે. છેલ્લા એક કે બે નહીં પરંતુ સળંગ ત્રણ જનરલ બોર્ડમાં વિવિધ વોર્ડના કોર્પોરેટરોએ એકસૂરે અવાજ ઉઠાવીને મનપાની જગ્યાઓ પર થઈ રહેલા ગેરકાયદે કામોનો પર્દાફાશ કર્યો હતો અને અધિકારીઓની રહેમરાહ તળે અથવા તો ઘોર ઉદાસીનતાને કારણે મનપાની સરકારી મિલકતો પર કબ્જા થઈ રહ્યા હોવાના સજ્જડ આક્ષેપો કર્યા હતા. સામાન્ય નાગરિકના નાના બાંધકામ પર તુરંત ડિમોલિશનની નોટિસો ફટકારતું એસ્ટેટ ડિપાર્ટમેન્ટ મનપાના પોતાના જ પ્લોટ હડપાઈ રહ્યા હોય ત્યારે કઈ મજબૂરી હેઠળ મૌન ધારણ કરીને બેસી રહે છે તે મોટો સવાલ છે. સળંગ ત્રણ બોર્ડ સુધી પાણી માથા પરથી પસાર થઈ ગયા બાદ આખરે મ્યુનિસિપલ



કમિશનરે ચોમાસા બાદ મેગા ડ્રાઈવ યોજીને દબાણો દૂર કરવા અધિકારીઓને આદેશ આપ્યા છે, પરંતુ આ આદેશ કાર્યવાહી કરવા કરતાં માત્ર સમય પસાર કરવાનો અને મામલો થાળે પાડવાનો નવો કીમિયો વધારે લાગી રહ્યો છે.

જો ખુદ તંત્ર જ સ્વીકારતું હોય કે દબાણો થઈ રહ્યા છે, તો પછી ચોમાસું પૂરું થવાની રાહ જોવાનું બહાનું કેમ બતાવવામાં આવે છે અને શું આ સમયગાળામાં દબાણકર્તાઓને કાયદેસર થવાનો કે કોર્ટમાંથી સ્ટે-ઓર્ડર મેળવવાનો પરોક્ષ સમય આપવામાં આવી રહ્યો છે તેવા વેધક સવાલો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. ભૂતકાળમાં પણ ચોમાસા પછીની આવી મેગા ડ્રાઈવના નામે માત્ર નાની-મોટી લારીઓ કે અસ્થાયી શેડ હટાવીને સંતોષ માની લેવાયો છે, ત્યારે આ વખતે પણ માત્ર કાગળ પરના આદેશો આપીને સંતોષ મનાશે કે કેમ તે ચર્ચાનો વિષય છે. સૌથી ગંભીર બાબત તો એ છે કે પ્લોટ પર દબાણ થવા દેનાર જવાબદાર અધિકારીઓ સામે કમિશનરે કોઈ શિક્ષાત્મક કે શિસ્તભંગના પગલાં લેવાની હિંમત દર્શાવી નથી, જેથી પ્રજાના ટેક્સના નાણાંમાંથી બનેલી સાર્વજનિક સંપત્તિનું રક્ષણ કરવાને બદલે તંત્ર માત્ર ચોમાસું પૂરું થવાની રાહ જોઈને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી રહ્યું હોય તેમ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે.

### પ્રજાનો સીધો સવાલ કરોડોની જમીનોનું રક્ષણ કોણ કરશે?

મનપાના પ્લોટ એ કોઈ વ્યક્તિગત મિલકત નથી પરંતુ પ્રજાના ટેક્સના નાણાંમાંથી બનેલી સાર્વજનિક સંપત્તિ છે. જ્યાં ગાર્ડન, હોસ્પિટલ, કે શાળા જેવા જનહિતના કામો થવા જોઈએ, ત્યાં આજે ગેરકાયદે કબ્જા જમાવી દેવાયા છે. હવે જોવાનું એ રહેશે કે મ્યુનિસિપલ કમિશનરનો આદેશ માત્ર 'કાગળ પરનો વાઘ' સાબિત થાય છે કે પછી ચોમાસા બાદ ખરેખર બુલડોઝર ફરે છે અને પ્લોટ ખાલી કરાવીને જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે છે.

---

## મનપાનું 'પાણી' મપાયું

# 'સૌની'ના ભરોશે ક્યાં સુધી?

### જળાશયો તળિયાઝાટક : માત્ર ૨૫ ઓક્ટોબર સુધી ચાલે તેટલો જ જથ્થો : તંત્ર કોઈ કાયમી કે વૈકલ્પિક આયોજન કેમ કરી શકતું નથી? : સ્થાનિકોમાં ઉદ્ભવતો પ્રશ્ન

રાજકોટ, તા. ૨૦

રાજકોટ શહેરમાં દૈનિક માત્ર ૨૦ મિનિટ પાણી આપવા માટે પણ મહાનગરપાલિકાને આકાશ તરફ મીટ માંડીને બેસવું પડે અથવા સૌની યોજનાના પંપો પર નિર્ભર રહેવું પડે તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. દર વર્ષે ચોમાસામાં વરસાદ ન પડે એટલે મનપાના શાસકો અને તંત્ર હાથ ઊંચા કરી દે છે, પરંતુ સવાલ એ ઊભો થાય છે કે કરોડો રૂપિયાના બજેટ અને તંત્ર હોવા છતાં રાજકોટ મહાનગરપાલિકા પાણી વિતરણ માટે અન્ય કોઈ મજબૂત વૈકલ્પિક વ્યવસ્થા કેમ શોધી શકતી નથી? તંત્રના જ સત્તાવાર આંકડા મુજબ રાજકોટને દૈનિક ૨૦ મિનિટ પાણી આપવા માટે ૪૪૫ ખકઉ પાણીની જરૂરિયાત રહે છે. હાલમાં મુખ્ય ત્રણેય જળાશયોમાં પાણીનો જથ્થો અત્યંત ચિંતાજનક સ્તરે પહોંચી ગયો છે.



ચાલુ વર્ષે ચોમાસાની સીઝનમાં આજી-૧ અને ન્યારી-૧ જળાશયમાં વરસાદી પાણીની કોઈ જ નવી આવક થઈ નથી, જ્યારે ભાદર-૧ માં પણ નહિવત આવક નોંધાઈ છે. જો આ ઉપલબ્ધ જથ્થાના આધારે જ પાણી આપવામાં આવે, તો આગામી ૨૫ ઓક્ટોબર સુધી જ પાણી ચાલે તેમ છે. એટલે કે ઓક્ટોબરના અંત પહેલા જ શહેર પર જળસંકટના ઘેરા વાદળો મંડરાઈ રહ્યા છે.કુદરતી આવક ન થતાં મનપા તંત્ર દ્વારા સૌની યોજનામાંથી આજી-૧ માં ૨૧૦૦ MCFT અને ન્યારી-૧ માં ૧૯૦૦ MCFT મળી કુલ ૪૦૦૦ MCFT પાણીની માંગણી કરવામાં આવી છે. મનપા કમિશનર અને મેયર દ્વારા પત્ર લખીને આ પાણી માંગવામાં આવ્યું છે.

દર વર્ષે ચોમાસું પૂરું થતાં જ 'વોટર કન્ટીજન્સી પ્લાન' અને પત્રો લખવાની સરકારી પ્રક્રિયા શરુ કરી દેવાથી રાજકોટનો પાણીનો પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલાવાનો નથી. જો મહાનગરપાલિકા અત્યારથી જ અન્ય દૂરંદેશી વૈકલ્પિક સ્રોત અને જળ સંચયના કાયમી પ્રોજેક્ટ્સ પર કામ નહીં કરે, તો આવનારા દિવસોમાં રાજકોટવાસીઓએ ગંભીર જળસંકટનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.

### વોટર કન્ટીજન્સી પ્લાન અંગે અનેક પ્રશ્નો?

**રાજકોટ શહેરનો સતત વિસ્તાર થઈ રહ્યો છે અને વસ્તી વધી રહી છે, છતાં મનપાનું જળ વ્યવસ્થાપન માત્ર પરંપરાગત ડેમો અને નર્મદાના પાણી પર જ નિર્ભર છે. તંત્ર નીચે મુજબના વૈકલ્પિક અને કાયમી ઉકેલો શોધવામાં નિષ્ફળ નીવડ્યું છે**

૧. વોટર રીચાર્જિંગ અને ગ્રાઉન્ડ વોટર મેનેજમેન્ટનો અભાવઃ શહેરમાં ચોમાસા દરમિયાન કરોડો લિટર પાણી રસ્તાઓ પર વહીને વેડફાઈ જાય છે. મનપા રેન વોટર હાર્વેસ્ટિંગના નિયમોનું કડક પાલન કરાવવામાં નિષ્ફળ રહી છે.

૨. શહેરના તળાવોનો માત્ર સુશોભન માટે ઉપયોગઃ મનપા હસ્તક રામવન ૧, ૨, અટલ સરોવર ૧, ૨, ૩, લાલપરી અને રાંદરડા જેવા કુલ ૭ તળાવો આવેલા છે. આ તળાવોને માત્ર પ્રવાસન કે રિવરફ્રન્ટ વિકાસ (ઈન્દિરા બ્રિજથી દૂધ સાગર બ્રિજ સુધી) માટે જ ધ્યાને લેવાય છે. આ તળાવોને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સાથે જોડીને પીવાના કે વપરાશના પાણીના વૈકલ્પિક સ્ત્રોત તરીકે કેમ વિકસાવવામાં આવતા નથી?

૩. રીસાયકલ્ડ વોટરનો ઉપયોગ નહીંઃ ઉદ્યોગો અને કન્સ્ટ્રક્શન ક્ષેત્ર માટે સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના શુદ્ધ કરેલા પાણીનો ફરજિયાત ઉપયોગ કરાવીને પીવાના શુદ્ધ પાણીની બચત કરી શકાય તેમ છે, પરંતુ તે દિશામાં નક્કર આયોજનનો અભાવ છે.

૪. લીકેજ અને પાણીચોરી પર અંકુશ નથીઃ પાણી વિતરણ લાઈનોમાં થતા લીકેજ અને બિનઅધિકૃત જોડાણો દ્વારા થતા પાણીના વ્યયને અટકાવવામાં તંત્ર દર વખતે વામણું પુરવાર થાય છે.

---

## બાંધકામ પરવાનગીમાં તંત્રનું કડક વલણ

# દોઢ મહિનામાં ૨૩૭૮ અરજી ફગાવી

### કુલ ૧૦,૭૦૦થી વધુ અરજીઓમાંથી ૮,૩૩૩ને લીલી ઝંડી, પૂર્વ અને સેન્ટ્રલ ઝોનમાં ના-મંજૂરીનો આંકડો સૌથી ઊંચો




રાજકોટ, તા. ૨૦

શહેરમાં બાંધકામ ક્ષેત્રે વિકાસની ગતિ તેજ બની રહી છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા બાંધકામ વિકાસ પરવાનગીની અરજીઓ પર હાથ ધરવામાં આવેલી કામગીરીના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. તંત્ર દ્વારા જારી કરાયેલા તાજેતરના અહેવાલ મુજબ, ૨૯ જુલાઈ ૨૦૨૫ થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીના માત્ર ૪૫ દિવસના ટૂંકા સમયગાળા દરમિયાન મહાનગરપાલિકામાં બાંધકામ પરવાનગી માટે કુલ ૧૦,૬૬૦ અરજીઓ ઇનવર્ડ કરવામાં આવી હતી. આ વિશાળ સંખ્યા સામે તંત્ર દ્વારા ઝીણવટભરી ચકાસણી કરીને ૮,૩૩૩ અરજીઓને મંજૂરી આપવામાં આવી છે, જ્યારે નિયમો અને કાગળોની ખામીઓને કારણે ૨,૩૭૮ અરજીઓ ના-મંજૂર (રીજેક્ટ) કરી દેવામાં આવતાં અરજદારો તેમજ બિલ્ડર આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

અરજીઓની ઝોનવાઇઝ સ્થિતિ પર નજર કરીએ તો, પૂર્વ ઝોનમાં સૌથી વધુ અરજીઓ દાખલ થઈ હતી અને ત્યાં જ ના-મંજૂરીનો આંકડો પણ સૌથી મોટો નોંધાયો છે. પૂર્વ ઝોનમાં કુલ ૪,૪૬૦ અરજીઓ ઇનવર્ડ થઈ હતી, જેમાંથી ૩,૩૨૭ અરજીઓને મંજૂરી મળી છે પરંતુ ૧,૧૦૦ જેટલી અરજીઓ નિયમાનુસાર ન જણાતાં ફગાવી દેવામાં આવી છે. પશ્ચિમ ઝોનમાં વિકાસની કામગીરીની સાથે અરજીઓનો મોટો જથ્થો આવ્યો હતો, જ્યાં ૩,૯૭૧ અરજીઓમાંથી ૩,૨૬૦ અરજીઓ મંજૂર કરાઈ છે અને ૬૦૫ અરજીઓ ના-મંજૂર થઈ છે. સેન્ટ્રલ ઝોનની વાત કરીએ તો, ત્યાં ઇનવર્ડ થયેલી ૨,૩૯૧ અરજીઓ સામે ૧,૬૪૧ મંજૂર અને ૬૭૩ અરજીઓ ના-મંજૂર કરવામાં આવી છે. બીજી તરફ, ટી.ડી.ઓ વિભાગ ખાતે આવેલી ૧૩૮ અરજીઓમાંથી ૧૦૫ અરજીઓને પરવાનગી આપી દેવામાં આવી છે, જ્યારે આ વિભાગમાં એક પણ અરજી ના-મંજૂર થઈ નથી.

આ સમગ્ર કામગીરીનું સરવૈયું જોતાં માલૂમ પડે છે કે મહાનગરપાલિકા દ્વારા આશરે ૭૮ ટકા અરજીઓને મંજૂરી આપીને કામગીરીમાં ઝડપ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જોકે, ૨૨ ટકા જેટલી અરજીઓ એકસાથે ના-મંજૂર થવા પાછળ પ્લાનિંગમાં રહેલી ત્રુટિઓ, જરૂરી સબમિશન કાગળોનો અભાવ કે માર્જિન અને બી.યુ. પરમિશન સંબંધિત નિયમોનું યોગ્ય પાલન ન થવું જેવા કારણો જવાબદાર હોવાનું માનવામાં આવે છે. મોટી સંખ્યામાં અરજીઓ રદ થવાથી ઘણા આસામીઓ અને ડેવલપર્સને ફરીથી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે, જેના કારણે બાંધકામ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં વિલંબ થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

### પરવાનગી મેળવવામાં પૂર્વ ઝોન મોખરે, ના-મંજૂરીમાં પણ ટોપ પર!

મહાનગરપાલિકાના આંકડા દર્શાવે છે કે શહેરમાં અત્યારે પૂર્વ ઝોન વિસ્તારમાં બાંધકામ ક્ષેત્રે સૌથી વધુ ધમધમાટ જોવા મળી રહ્યો છે. માત્ર ૪૫ દિવસના ટૂંકા સમયગાળામાં જ પૂર્વ ઝોનમાં સૌથી વધુ ૪,૪૬૦ અરજીઓ ઇનવર્ડ થઈ હતી. જેમાંથી ૩,૩૨૭ અરજીઓ મંજૂર કરીને મનપાએ મંજૂરી આપવામાં પણ પૂર્વ ઝોનને પ્રથમ ક્રમે રાખ્યો છે. પરંતુ સાથોસાથ, નિયમોની કડક અમલવારીને કારણે ૧,૧૦૦ અરજીઓ ફગાવી દેવામાં પણ પૂર્વ ઝોન જ આગળ રહ્યો છે, જે દર્શાવે છે કે આ વિસ્તારમાં દસ્તાવેજો અને પ્લાનિંગની ચકાસણી સૌથી કડક રીતે થઈ રહી છે.

### TDO શાખાની ૧૦૦% સરસાઈઃ ૧૩૮માંથી એક પણ અરજી ના-મંજૂર નહીં!

જનરલ બોર્ડ સમક્ષ રજૂ કરાયેલા આંકડાઓમાં સૌથી રસપ્રદ બાબત ટી.ડી.ઓ. વિભાગની કામગીરીમાં સામે આવી છે. આ સમયગાળા દરમિયાન ટી.ડી.ઓ. શાખા ખાતે કુલ ૧૩૮ અરજીઓ રજૂ કરવામાં આવી હતી. આ પૈકી ૧૦૫ અરજીઓને પરવાનગી આપી દેવામાં આવી છે, જ્યારે ના-મંજૂર થયેલી અરજીઓનો આંકડો શૂન્ય (0) રહ્યો છે. અન્ય તમામ ઝોનમાં ૨૦% થી ૨૮% અરજીઓ ના-મંજૂર થઈ હોવા છતાં, ટી.ડી.ઓ. વિભાગમાં એક પણ અરજી રદ ન થઈ હોવું એ અરજદારો માટે રાહતના સમાચાર ગણાય.